# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 53 ❖ Issue : 07 ❖ Pages : 36 ❖ Mumbai ❖ July 2025 ❖ Price : Rs.8/-



Scanned with OKEN Scanner

## પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રધ્ધાંજલી



જન્મ
તા.૨૫-૦૪-૧૯૩૬

સ્વર્ગવાસ
તા.૦૨-૦૭-૨૦૨૪

# સ્વ. કંચનબેન અમીચંદભાઈ જીવનભાઈ વોરા

'જીવન જીવી ગયા, મૃત્યુ જીતી ગયા
આપણા પરિવાર માટે આદર્શરૂપ - પ્રેરણામૂર્તિ બની ગયા.
વિચક્ષણ બુદ્ધિ, પરગજુ સ્વભાવ, દીર્ઘ દૃષ્ટિ
સદાય હસતો ચહેરો એ એમની ઓળખ'
પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ તથા ઉચ્ચગતિ આપે.

## પરિવારજનો

પતિ - સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા
પુત્રો - સ્વ. સંજય તથા સ્વ. પરેશ
સ્વ. દિવાળીબેન નરોત્તમદાસ જીવનભાઇ વોરા
સ્વ. સમજુબેન ગીરધરલાલ જીવનભાઈ વોરા
સ્વ. લક્ષ્મીબેન જેઠાલાલ જીવનભાઈ વોરા
સ્વ. દમયંતીબેન જયંતિલાલ જીવનભાઇ વોરા

**સ્વ. મણિબેન જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**



Scanned with OKEN Scanner

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી જયેશ શરદચંદ્ર વસા - મો. ૯૩૨૨૨૬૬૭૧૪**



**સમાજની કારોબારી સમિતિ**

| | |
|---|---|
| શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા | પ્રમુખ |
| શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા | ભૂતપૂર્વ પ્રમુખ |
| શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા | ઉપપ્રમુખ |
| શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી | માનદમંત્રી |
| શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા | માનદમંત્રી |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા | ખજાનચી |
| શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા | મુખપત્ર તંત્રી |
| શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી | સભ્ય |
| શ્રી જયુભાઈ ચુનીલાલ દોશી | સભ્ય |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા | સભ્ય |
| શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા | સભ્ય |
| શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા | સભ્ય |
| શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા | સભ્ય |
| ડૉ. ધર્મેશભાઈ રસિકલાલ વોરા | સભ્ય |
| શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ | સભ્ય |
| શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા | સભ્ય |
| શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ વોરા | કો-ઓપ્ટ |
| શ્રી હિતેષભાઈ છોટાલાલ વોરા | કો-ઓપ્ટ |



**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Punit Golwala & Co.
Chartered Accountant, Mumbai-400 009.

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


# માનવ જીવન
## આપ ભલા તો જગ ભલા

સેવા-પરોપકારને જીવનનો ધ્યેય બનાવીને જીવન જીવીએ તો મનુષ્યપણાની સાર્થકતા થઇ કહેવાય ! સંસારમાં પરોપકાર એટલે પૈસાનું દાન આપવું, મોટી હોસ્પિટલો કે સ્કૂલો બંધાવવી, સમાજસેવા કરવી એવું મનાય છે. પણ પરોપકારનો સાચો અર્થ છે પોતાના મન, વાણી અને વર્તન બીજાને માટે ખર્ચી નાખવા. જે હંમેશા બીજા જીવો પ્રત્યે દયા અને કરૂણા રાખે છે તેમને કયારેય દુઃખ આવતું જ નથી ઉલ્ટાનું તેમને દરેક પલે સુખની લ્હાણી થતી રહેતી હોય છે.

સામાન્ય વ્યક્તિ જોડે ખુબજ માન થી વાતચીત કરવી, તેમની પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરીયે તો તેઓ હંમેશા તમને માન આપશે. આપખુદશાહી વાળું વર્તન કયારેક વ્યક્તિને ખુબ જ મોટી મુશ્કેલીમાં મૂકી દે છે.

માનવ જીવનના કર્તવ્યમાં સાધર્મિકો તેમજ અન્યોને મદદ કરવી, બીમાર વ્યક્તિની સંભાળ લેવી, માતા-પિતા, વડીલો અને ગુરૂની સેવી કરવી એ બધું જ આવી જાય છે. તદુપરાંત આપણી આવડત, ક્ષમતા, બુદ્ધિમતા બીજાને મદદ કરવામાં સાચી રીતે વાપરવા, મુશ્કેલીમાં સાચી સલાહ આપવી તે પણ માનવ જીવનનું કર્તવ્ય છે.

નાનાં નાનાં પગલાંથી પણ ઉત્તમ માનવ જીવનની શરૂઆત થાય છે. બીજાને સુખ ન આપી શકીએ તો કાંઇ નહીં, પણ કોઇ જીવને જરામાત્ર પણ દુઃખ ના પડે તેવી રીતે જીવન જીવવું એ પણ એક ઉત્તમ માનવ જીવનનું કર્તવ્ય છે.

સમાજમાં અમુક વર્ગ ની વ્યક્તિ દાન માટે રૂપિયા આપવા સક્ષમ ન હોય પણ તેઓ સારું કાર્ય કરતાં હોય તેને ખાલી પ્રોત્સાહન આપે તે પણ એક જાતનું મનુષ્ય જીવનનું કર્તવ્ય છે. ચોખ્ખી ભાવનાથી કરેલો પરોપકાર પુણ્ય બંધાવે છે. જે પારકાં માટે વિચારે છે તેને પોતાના માટે વિચારવાની જરૂર રહેતી નથી, કુદરત તેનું બધું સંભાળી લે છે. મા-બાપની જે સંતાનો સેવા કરે, તેમને જીવનમાં કયારેય અડચણો ન આવે, બધી જરૂરીયાત આપમેળે મળી આવે અને ગુરૂની સેવા કરે એ તો અચૂક મોક્ષે જાય !

## તંત્રી સ્થાને થી....



શ્રી જયેશ શરદચંદ્ર વસા
મો. ૯૩૨૨૨ ૬૬૭૧૪

# કર્મો નો પાવર સર્વ શ્રેષ્ઠ સુપર પાવર છે.

૧૨મી જૂન ૨૦૨૫ બપોરે ૧.૩૯ કલાકે અમદાવાદથી લંડન જતી એર ઇન્ડીયા નું બોઇંગ વિમાન રનવે ઉપરથી સ્ટાર્ટ થયા ને લગભગ બે જ મિનિટમાં ક્રેશ થઇ ગયું અને વિમાને જબરજસ્ત આગ પકડી લીધી. એક યાત્રિક સિવાય તમામે તમામ મુસાફરો આગમાં બળીને ભડથું થઇ ગયા. વિમાનમાં પ્રવાસ કરનાર પ્રવાસી મુસાફરો સિવાય જે ઇમારત ઉપર વિમાન ક્રેશ થયું તે બિલ્ડિંગ માં પણ રહેલા અમુક લોકો તેમજ જમીનની ઉપર રહેલા તેમજ જમીનની અંદર રહેલા બીજા જીવો પણ બળીને ભડથું થઇ ગયા. એક યાત્રિક સિવાય કોઇપણ યાત્રીકને બચવાનો ચાન્સ ન મળ્યો અને તમામ મૃત્યુ પામેલા યાત્રીકની ઓળખ કરવા માટે ડીએનએ પરીક્ષણ કરવા સિવાય બીજો કોઇ પર્યાય ન હતો. અંત સમયે વિમાનના બેઠેલા તમામ પ્રવાસીની શું વ્યથા હશે ? ? ?

તે તમામે તમામ જીવોને ભાવભરી શ્રદ્ધાંજલી અને પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને સાચી શાંતિ આપે તેજ પ્રાર્થના.

આવા કમકમાટી ભર્યા ગમખ્વાર બનાવો દુનિયા માં કદાચિત જ બનતા હોય છે. એર ઇન્ડિયા ના બોઇંગ વિમાનમાં જેટલા પણ મુસાફરો લંડન જતા હતા. તેમાંનું કોઇક આખું ફેમેલી ત્યાં સેટલ થવા જઇ રહ્યું હતું તો કોઇક ના મા-બાપ જીવનમાં પહેલીવાર પ્લેનમાં બેસીને લંડન તેમના પરિવારને મળવા જઇ રહ્યું હતું. હમણાં જાણવા મુજબ એક ભાઇ તો તેમના મૃત્યુ પામેલા પત્નીની અંતિમ ઇચ્છા મુજબ તેમના અસ્થિ પધરાવા ભારતમાં આવ્યા હતા અને રીટર્ન તેઓ આજ ફ્લાઇટ માં લંડન પાછા જઇ રહ્યા હતા અને બીજા પ્રવાસીની જેમ તેઓ પણ મૃત્યુ પામ્યા. લંડનમાં તેઓને નાની નાની બે દીકરીઓ પણ છે. પ્લેનમાં બેઠા ત્યારે લગભગ બધાજ મુસાફરો તેઓ લગભગ ૧૧ કલાક પછી તેમની મંઝિલ પહોંચી જવાના હતા.

સમગ્ર વિશ્વ તેમજ જે પરિવારોના સભ્યો સાથે આ ગમખ્વાર કમકમાટી ભરી ઘટના બની તેઓ આ ઘટના ને કયારેય ભૂલી નહિ શકે. તેમજ આ ઘટના બન્યા પછી કોઇપણ વ્યક્તિ પ્લેનમાં બેસતા પહેલા અનેક જાતના વિચારો કરશે.

આ બનાવ ઉપરથી આપણે એટલું જ વિચારવાનું કે આપણું એક સેકન્ડ પછી શું થવાનું છે તે કોઇપણ જીવને ખબર નથી. કયા જીવનું કેટલું આયુષ્ય છે તે કોઇપણ જીવને ખબર નથી ? અંતિમ ચરણમાં મોત પહેલાની ઘડી કેવી હશે, આપણાં શરીરની શું હાલત હશે તે બધુજ આપણાં કર્મની ગતિ કેવી છે તેના ઉપર નિર્ભર કરે છે.

બીજાની સામે આપણે બહારથી જેવા દેખાવાનો પ્રયત્ન કરીયે છીએ તેવા ખરેખર અંદરથી છે ? ? ? આ સવાલનો જવાબ ખુબ કઠિન છે અને આપણે પોતે સિવાય કોઇ નથી આપી શકવાના કેમકે આપણું પોતાનું મન અંદરથી આપણા સિવાય કોઇ કળી નથી શકતું. આ સવાલ નો જવાબ આપણને આપણી જાત આગળ થી ચોક્કસ મળશે જ. નિખાલસતાથી જો આપણે આપણી પોતાની ખામીઓ ને અંદરથી સુધારવાનો પ્રયત્ન કરશું તો સદ્‌ગતિ સદાય આપણી સાથે જ રહેશે.

ટૂંકમાં આયુષ્ય કેટલું છે તે આપણા હાથમાં નથી પરંતુ આપણે કેવા કર્મો કરવા જોઇએ તે આપણાં હાથમાં છે. આજે જેમની આગળ સુપરપાવર છે તેમની આગળ આવતીકાલે સુપરપાવર રહી પણ શકે અને ન પણ રહી શકે.

**કર્મોનો પાવર સર્વ શ્રેષ્ઠ સુપર પાવર છે તે આપણે બધાજ જાણીયે છે.**



Scanned with OKEN Scanner

જીવન-ધર્મ શ્રેણી

# પ્રમોદ ભાવના એટલે બીજાના ગુણોનો આદર અને ગુણગ્રાહી બનવાનો સંકલ્પ

- મહેન્દ્ર પુનાતર

**પ્રમોદનો અર્થ છે આનંદ અને ખુશી. કોઇ સારું કાર્ય કરે ત્યારે બીજું કાંઇ ન જોતા તેના આ કાર્યની અનુમોદના કરવી જોઇએ, જેથી તેને બીજા સારા કાર્યોની પ્રેરણા મળે. સમગ્ર અસ્તિત્વ એકબીજા સાથે સંકળાયેલું છે, તેમાં શુભ અને અશુભ બંને છે. આપણે ખરાબની ઉપેક્ષા અને સારાનો સ્વીકાર કરવાનો છે. દરેક માણસમાં કાંઇકને કાંઇક સારુ રહેલું છે. આપણે સારું જોઇશું તો સારા થતા રહીશું એ આ ભાવનાનો બોધ છે.**

આપણે અગાઉના લેખમાં મૈત્રીભાવના અંગે ખ્યાલ કર્યો. પ્રેમ, મૈત્રી અને કરુણા એ જીવનનું અમૃત છે. આનાથી માણસ પારદર્શક અને દોષરહિત બને છે. હવે આપણે પ્રમોદ ભાવના અંગે ખ્યાલ કરીશું. આ મુદિતા ભાવના તરીકે પણ ઓળખાય છે, પણ બધાનો અર્થ એક જ છે. કોઇના પણ ગુણ જોઇને આનંદ પામવો અને ખરા દિલથી તેની પ્રશંસા કરવી. ગુણીજનો પ્રત્યે આદર રાખવો અને તેને માન આપવું અને તેમના જેવા બનવાનો સંકલ્પ કરવો અને ગુણગ્રાહી બનવું.

આ ભાવનાનો અર્થ છે જ્યાં પણ સારું જોઇએ ત્યાં ખુશી અને આનંદ થવો જોઇએ. પ્રમોદનો અર્થ છે આનંદ અને ખુશી. કોઇ સારું કાર્ય કરે ત્યારે બીજું કાંઇ ન જોતા તેના આ કાર્યની અનુમોદના કરવી જેથી તેને બીજા સારા કાર્યો કરવાની પ્રેરણા મળે. કુદરતનાં તમામ તત્વો જે આપણને જીવન આપી રહ્યાં છે, તેમના પ્રત્યે અનુગ્રહિત થવું. સમગ્ર અસ્તિત્વ એકબીજા સાથે સંકળાયેલું છે. તેમાં શુભ અને અશુભ બંને છે. આપણે અશુભની ઉપેક્ષા કરવાની છે અને શુભ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આ ભાવનાનો બોધ છે બધા પ્રત્યે શુભ ભાવ રાખવા, કોઇની ઇર્ષા, અદેખાઇ કે નિંદા કરવી નહીં. શ્રી ચિત્રભાનુજીએ કહ્યું છે તેમ 'ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે, એ સંતોના ચરણ કમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે'. કોઇના ગુણો જોઇને આપણું હૈયું વિભોર થઇ જવું જોઇએ અને એવા સંત જેવા માણસોને નત મસ્તકે નમન કરવું જોઇએ. આવો નમ્રતાનો ભાવ ઉભો થશે તો એ ગુણો આપણામાં પણ આવશે. રાગ-દ્વેષ, માન-અભિમાન અને તારું-મારું કરવાનાં કારણે ભીતરના દ્વારો ખુલતા નથી. આપણે આ બધો કચરો અંદર ભરીને બેઠા છીએ એટલે ગુણોને અંદર આવવાનો અવકાશ મળતો નથી. ગુણોને પણ આવવા માટે મોકો તો જોઇએ ને ?

કેટલાક માણસોને એવો પણ સવાલ થાય કે માણસ બહાર જેવો દેખાય છે એવો અંદર ન પણ હોય. કોઇ માણસ દંભ કરતો હોય. બહારથી ગુણી દેખાતો હોય પણ, ખરેખર ન હોય. તેના ગુણો સાથે અવગુણો પણ હોય તો પણ શું તેની પ્રશંસા કરવી. અનુમોદના કરવી? કોઇ એમ પણ કહે તે ગુણીજન છે તે કેમ નક્કી કરવું. તેનો માપદંડ શું? ધર્મ કહે છે તે શું છે કે શું નથી એમાં આપણે પડવાની જરૂર નથી. તેના ગુણો જો આપણને દેખાતા હોય તો તે માટે તેની કદર કરવી જોઇએ. કોઇ માણસ કેવો છે તે આપણે નક્કી કરવાનું નથી. અહીં આપણે કાજી બનવાનું નથી. કોઇ માણસ એવો નથી જેમાં કશું પણ સારું ન હોય. આપણી નજર સારા પર હોવી જોઇએ. શક્ય છે કે આપણી અનુમોદના તેને વધુ સારું કરવા પ્રેરે. તેના એક પણ ગુણ સારો હોય અને તેને બિરદાવીએ તો બીજા સારા ગુણોને વિકસાવવા માટે તેને પ્રેરણા અને બળ મળશે.



Scanned with OKEN Scanner

ગુણો અને અવગુણોમાં ભારે સંપ હોય છે. એક આવે તો બીજો તુરત આવી જાય છે. એક ગુણ મજબૂત બનશે તો બીજા ગુણોને ખેંચી લાવશે અને એક અવગુણ તાકાતવર હશે તો અવગુણોનાં ધાડાં આવી જશે. આપણે તો તેનામાં શું સારું છે તે જોવાનું છે અને સારાને બળ આપવાનું છે.

જૈન ધર્મ કહે છે મન, વચન અને કાયાથી કોઇને દુઃખ પહોંચાડવું નહીં, કોઇનું અપમાન થાય, મન દુભાય કે કોઇ જાતની માનહાનિ થાય તેવું કશું કરવું નહીં અને કદાચ ભૂલથી કે અજાણતા આવું થઇ જાય તો સામા માણસની અંતઃકરણપૂર્વક માફી માગવી અને બીજા કોઇ આપણા પ્રત્યે આવું કરી બેસે તો ઉદારતાથી માફી - ક્ષમા આપવી. મનમાં કશો રાગ-દ્વેષ રાખવો નહીં. ધર્મનો આ બોધ હોવા છતાં જીવન અને વહેવારમાં મોટાભાગના માણસો જાણ્યે અજાણ્યે એક યા બીજી રીતે એકબીજાને ઠેસ પહોંચાડતા હોય છે. એકબીજાની ટીકા-નિંદા કરતા હોય છે. કેટલાક માણસો મનમાં આવ્યું તે બોલી નાખે છે. જયારે કેટલાક ચતુર માણસો ડાહી ડાહી વાતોમાં બીજાનું કાપતા હોય છે. આ બધામાં તમે શું બોલો છો તેના કરતા આ પાછળનો તમારો આશય શું છે તે વધુ મહત્વનું છે.

માણસ બીજાની સામે એક આંગળી ચિંધે છે ત્યારે બીજી બધી આંગળીઓ પોતાની તરફ તકાયેલી હોય છે. કોઇનું ખરાબ બોલતા, કોઇની ટીકા કરતા પહેલાં માણસે પ્રથમ આત્મનિરીક્ષણ કરવું જોઇએ કે હું કેવો છું. કેટલીક વખત 'અન્યનું એક વાંકું આપણા અઢારે વાંકા' જેવો ઘાટ ઘડાતો હોય છે. પોતાની ક્ષતિ અને પોતાના દોષ તરફ નજર જતી નથી. આ જગતમાં કોઇ સર્વસંપન્ન નથી. માણસ ખૂબીઓ અને ખામીઓથી ભરેલો છે. બીજો કેવો છે, શું કરે છે તે અંગે ધ્યાન આપવાની જરૂર નથી. આપણે આપણો પોતાનો ખ્યાલ રાખી, સારું જોવું, સારું બોલવું, સારું સાંભળવું અને સારું કરવું અને બીજાના ગુણોની અનુમોદના કરવી એ પ્રમોદ ભાવનાનો સાર છે.



દરેક માણસમાં કાંઇકને કાંઇક સારું શુભ રહેલું છે પણ માણસનો સ્વભાવ છે ગુણો પોતાના જુએ છે અને દોષ બીજાના. એટલે સાચું તેને સમજાતુ નથી. આલોચના, ટીકા અને નિંદામાં ફરક છે. કોઇની શુભ ઇરાદાથી મનમાં કોઇ પણ જાતના કપટ વગર, તેને સાચે માર્ગે લાવવાની દૃષ્ટિથી મનમાં કોઇ પણ જાતના કપટ વગર, તેને સાચે માર્ગે લાવવાની દૃષ્ટિથી આલોચના થાય, તેમાં કોઇ જાતનો ડંખ ન હોય. ખરાબ ભાવના ન હોય તો તે દોષ બનતો નથી. આમાં પણ વિવેક જાળવવો જોઇએ. સમય, સંજોગો અને સ્થળનો ખ્યાલ કરવો જોઇએ. જયારે ટીકામાં બીજાને ઉતારી પાડવાનો તેને હલકો ચિતરવાનો આશય હોય છે જયારે નિંદાનું શસ્ત્ર અનોખું છે. તેમાં અહંકારની તૃપ્તિ છે. તેનો આશય એક યા બીજી રીતે એમ કહેવાનો છે કે તેના કરતા આપણે સારા. આપણે બીજા કરતા સારા, હોશિયાર, ચડિયાતા છીએ એમ પુરવાર કરવાનું બહુ કઠીન છે. એટલે આપણે સામા માણસની નિંદા કરીને તેને નાનો બનાવવાનો પ્રયાસ કરીએ છીએ. આ બહુ સહેલું છે. તમે કોઇના વખાણ કરશો, તો તે સાંભળવા કોઇ તૈયાર નહીં થાય અને સાંભળશે તો પણ તેમાં મન નહીં હોય. પણ તમે કોઇની નિંદા કરશો, કોઇનું વાંકું બોલશો, કોઇની પોલ ખોલશો. તો બધાના કાન સરવા થઇ જશે અને તેમાં ટાપશી પણ પૂરશે.

એક ગામમાં એક માણસ રહેતો હતો. સારી રીતે વાતો કરતો હતો પણ કોઇ તેને સાંભળતું નહોતું અને સાંભળે તો સમજાતું નહોતું. એટલે લોકો તેને હસી કાઢતા હતા. તેને મૂર્ખ માનતા હતા અને તેનો પીછો છોડાવવા આઘાપાછા થઇ જતા હતા. આ માણસ પોતાની ઉપેક્ષાથી કંટાળી ગયો હતો. તે ગામમાં આવેલા એક સૂફી સંત પાસે ગયો અને પોતાની આપવીતી કહી સંભળાવી અને જણાવ્યું લોકો મને મૂર્ખ સમજે છે. બુદ્ધિમાન સમજે એવો કોઇ કીમિયો બતાવો. સંતે કહ્યું, આ કોઇ બહુ મોટી વાત નથી. લોકો તારા તરફ ધ્યાન આપતા નથી ને? તારી ઉપેક્ષા કરે છે? આમાંથી બચવાનો એક ઉપાય છે. તું સારી વાતો કરવાનું છોડી જે. જે લોકો હાજર ન હોય તેનું વાંકું બોલવાનું અને નિંદા કરવાનું શરૂ કરી દે. કોઇની છૂપી વાત પર નજર રાખ અને તેમાં મરીમસાલા ભરીને લોકોને કહેતો રહે. એક અઠવાડિયામાં લોકો તારી આસપાસ ફરતા થઇ જશે. અને થોડા વખત પછી તું પહેલાંની જેમ સારું સારું બોલવાનું શરૂ કરી દેજે. પછી તારી ઉપેક્ષા નહીં કરે.

થોડા વખત પછી પેલો માણસ સંત પાસે આવ્યો અને કહ્યું, હવે લોકો મને હોંશિયાર અને જાણકાર સમજવા લાગ્યા છે. હવે મને સારી વાત કરવાનું અને આમાંથી છૂટવાનું મન થતું નથી.

નિંદારસ એવો છે જેમાં થોડાથી કોઇને સંતોષ થતો નથી. લોકો રોજબરોજ આ રસનું પાન કરતા હોય છે. એક વખત આનો ચસકો લાગે પછી તેમાંથી છૂટાતું

નથી. આ એક જાતનો અહંકાર છે. પોતે બીજા કરતા સારા છે તેવું મનને ઠસાવવાનો આમાં પ્રયાસ થતો હોય છે. ઇર્ષા આગ છે, અદેખાઇ મોટી ખાઇ છે. અને અહંકાર ઊંડો કૂવો છે તેમાં પડીએ તો પતન નિશ્ચિત છે.

માણસના જેવા ભાવ હોય તેવું સુખ મળે છે. શુભ ભાવના હોય તો શુભને પામે અને અશુભ ભાવના હોય તો અશુભ મળે. જેવું કરીએ તેવું પામીએ. થોર વાવીને ગુલાબની અપેક્ષા રાખી શકાય નહીં. માણસની અંદર જે પ્રકારના ભાવો ઊભા થાય છે તે મુજબ જીવન ઘડાય છે. વિચારો સારા હોય તો વર્તન પણ સારું બને, પરંતુ વિચારો મલિન હોય, કોઇના અંગે સારું વિચારી શકાય નહીં, સારું બોલી શકાય નહીં અને સારું જોઇ શકાય નહીં તો એ દોષ સામા માણસનો નથી પણ આપણો છે. આપણામાંજે કાંઇ છે તે આપણે બીજામાં જોઇ રહ્યા છીએ. આ આપણું પોતાનું જ પ્રતિબિંબ છે. નકારાત્મક વિચારધારાના કારણે આપણે બીજાનું સારું જોઇ શકતા નથી. બીજામાં રહેલા ગુણોને જોવા માટે ઉદારતા, નિખાલસતા અને નમ્રતાને ધારણ કરવી પડે અને અહંકારને આગાળવો પડે. હું કહું એ સાચું એવું હું પદ છે. ત્યાં સુધી બીજાનું સારું દેખાશે નહીં, સારું જોવા માટે અને સારું કરવા માટે પણ સારું બનવું પડે.

પ્રમોદ ભાવના એટલે બીજાનું સારું જોઇને ખુશ થવું, બીજાની પ્રગતિ જોઇને આનંદ માણવો, બીજા ગુણોનો આદર કરવો, સારું કરે તો સાથ આપવો અને પરમાત્માને પ્રાર્થના કરવી કે હે માલિક, તારણહાર તું મને પણ એવી શક્તિ અને સામર્થ્ય આપ, મારામાં પણ આવા ગુણો વિકસે અને હું પણ સત્કાર્યોના માર્ગે આગળ વધી શકું અને ગુણગ્રાહી બની શકું.

આ જગતમાં કોઇ સંપૂર્ણ નથી, કોઇ સર્વજ્ઞાની નથી. અહંકારના કારણે આપણને આપણા સિવાય બીજું કશું દેખાતું નથી. અહંકાર આપણને પોષે છે અને મારે પણ છે. માણસ ધનદોલત અને થોડી સફળતા મળે એટલે ઊભરાવા માંડે છે અને તેને એમ લાગે છે કે મારા જેવું કોઇ નથી. આ અંગે પ્રભુલાલ દ્વિવેદીની એક રચના...

*સંપૂર્ણ જગતમાં ઇશ્વર એક જ*
*માનવ માત્ર અધૂરા*
*સદ્‌ગુણ જુએ છે શાણાને*
*અવગુણ પાત્ર અધૂરા*
*કોઇને રચનારે રૂપ દીધા*
*કોઇને દીધા અભિમાન*
*કોઇ ધન ઘેલાં, કોઇ રસ ઘેલાં*
*કોઇને દીધા રે જ્ઞાન*
*સઘળું નવ સાથ દીધું કોઇને*
*એ ભૂલે પાત્ર અધૂરાં*

- (હવે પછી કરુણા ભાવના)

## પ્રેરણાસ્ત્રોત

## સેલ્ફી

એક લેફટન્ટ કક્ષાનો ઓફિસર પોતાના સૈનિકો પાસે એક મોટો પથ્થર ખસડાવી રહ્યો હતો. પોતે અદબ વાળીને ઊભો હતો ને ઓર્ડર છોડતો હતો. પેલા બધા ખૂબમહેનત કરી રહ્યા હતા. હજી એકાદ માણસની સહાય મળે. તો કામ થાય. પણ એ ઓફિસર અતડો... અહંકારી.

ત્યાં એક વ્યક્તિ ઘોડા પર આવી એણે આ દૃશ્ય જોયું. એણે પેલા ઓફિસરને કહ્યું - તમે પણ આ બધાને હાથ આપો તો? પેલા ઓફિસરે તુચ્છકારથી એ વ્યક્તિ સામે જોયું ને કહ્યું - હું ? આ સૈનિકો છે. હું લેફ્ટન્ટ ઓફિસર છું. હું શું કામ હાથ લગાડવા એમનામાં ભળી મારું લેવલ ડાઉન કરું?

પેલા ઘોડે સવારે નીચે ઉતરી સૈનિકોને મદદ કરી. પથ્થર ખસી ગયો. પછી એણે પેલા ઓફિસર પાસે જઇ સ્મિત કર્યું.

ઓફિસરે મો બગાડી પૂછ્યું - કોણ છો તમે?

વ્યક્તિએ કહ્યું - તમેજ કહો.

ઓફિસરે તુચ્છકારથી કહ્યું - સૈનિક? કઇ ટુકડીના?

પેલી વ્યક્તિએ કહ્યું એથી ઉંચી પાયરી.

પેલાએ પૂછ્યું - ટુકડીના કેપ્ટન?

પેલી વ્યક્તિએ કહ્યું એથી ઉંચી પાયરી.

પેલાએ પૂછ્યું - લેફ્ટન્ટ - મારી લેવલના?

પેલાએ કહ્યું તેથી ઉંચી પાયરી...

હવે કાંક ઢીલા પડેલા ઓફિસરે પૂછ્યું - મેજર?

પેલાએ કહ્યું - હજી ઉપર! ઓફિસરે વ્યવસ્થિત ઊભા રહી પૂછ્યું - વીંગ કમાંડર?

પેલાએ - ના હજી ઉપર! ઓફિસરે સેલ્યુટ કરતા પૂંછ્યું - જનરલ?

પેલાએ - ના હજી ઉપર! ઓફિસરે ડરતા ડરતા પૂંછ્યુ - ફિલ્ડ માર્શલ?


પેલાએ કહ્યું - હજી ઉપર! ઓફિસરે સાવ ઢીલા અવાજે - શું આપ જ ફ્રાંસના મહાન સમ્રાટ નેપોલિયન ?

પેલાએ હેટ નમાવી કહ્યું - હા હવે બરાબર !

ઓફિસરે તરત જ પગમાં પડી વ્યવહાર માટે માફી માંગી... ત્યારે નેપોલિયને એના ખભે હાથ મૂકતા કહ્યું - દોસ્ત વેષ, પદવી અને મેડલ શરીર પર - છાતી પર ભલે શોભે, એને મગજમાં લઇ લેવા નહીં. નીચેનાની સાથે ભળશો, તો પ્રિય થશો ને ઉપર ચઢશો. નહિતર કયાંય ખોવાઇ જશો.

અતડા રહેનારાઓને આ પ્રસંગ સમપર્ણ...

# શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રી મનસુખલાલ મલુકચંદ મહેતા

સ્વર્ગવાસ : ૨૦-૦૭-૨૦૧૨, શુક્રવાર- શ્રાવણ સુદ એકમ

મુળવતન : ધોરાજી

"સૌને છોડી ચાલ્યા ગયા તમો મઝધાર
અમો બની ગયા નિરાધાર
રોમેરોમ શૂન્યવકાશ ફેલાયો, અંતરની વેદનાનો નહીં પાર,
હજુયે આંખનું આકાશ ભીનું, નયનોથી છલકે અશ્રુધાર,
આપના મહેતા પરિવારની પુષ્પાંજલી.
મૃત્યુ પાસે સૌ લાચાર."

**શ્રી મલુકચંદ વિઠ્ઠલજી મહેતા પરિવાર**

**હંસાબેન મનસુખલાલ મહેતા**

**પુત્ર-પુત્રવધુ : ભાવેશ - ભૈરવી, કેતન - નિશા**

**પૌત્ર : પાર્થ**

**પૌત્રી : આયુષી - ઋતિકા - સાક્ષી**

જી-૨, પોરવાલ કોમ્પલેક્ષ, સી વિંગ, ૬૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૧૧૦૧
મોબાઈલ હંસાબેન : ૯૭૬૯૯ ૨૩૨૪૬
ભાવેશ : ૯૮૧૯૧ ૭૬૧૦૦

Kayami - July



Scanned with OKEN Scanner

# આજના દીકરા દીકરીઓ ૩૫ વરસના થયા પછી પણ કુંવારા કેમ રહી જાય છે ?

ફ્રિલાન્સ પત્રકાર, અબ્બાસભાઈ કૌકાવાળા આજે તમે જોશો કે દીકરા દીકરીઓનો લગ્નલાયક ઉંમર વીતી જતા ૩૫ વરસ સુધીના દીકરા દીકરીઓ કુંવારા હોય છે. આ સરાસર ખોટું છે.

આમાં માતાપિતા અને પોતાની ભારે મહત્વાકાંક્ષા બહુ મોટો ભાગ ભજવે છે. જો હજુપણ આપણે જાગૃત અને સમજદાર નહી બનીએ તો હાલત વધારે બગડી શકે છે. લગ્નવ્યવસ્થા અને સમાજ તૂટી શકે છે.

આપણે ત્યાં બધું સારૂ હોવા છતા કુંડળી મેચ ના થવાને કારણે લગ્ન નક્કી થતા નથી અને કુંડળી મેચ થયા પછી લગ્નજીવન હાલકડોલક થાય અને વાત છૂટાછેડા સુધી પહોંચે છે તે વખતે બહુ પસ્તાવો થાય છે. આજે સારુ પાત્ર શોધવામાં સમય નીકળી જાય છે ઉચ્ચ શિક્ષણ કે સારી નોકરીના નામે પણ સમય પસાર કરવા દેવામાં આવે છે.



પહેલા પરિવાર જોઈ સબંધ થતા હતા અને ત્રણ ત્રણ પેઢીઓ સંયુક્ત ફેમિલીમાં આરામથી જીવી જતા હતા પર પરિવાર અને આંગણામાં ઉલ્લાસ ખુશીની રેલમછેલ હતી. ક્યારે નાની મોટી તકલીફ થતી તો વડીલો બાજી સંભાળી લેતા હતા. ઘરની વાત ઘરમાં જ રહેતી હતી. હવે તો દીકરીવાલા પોતાની માંગોનું આકાશ ભરીને લિસ્ટ રજુ કરે છે. કેવા કેવા સવાલો પૂછે છે તે જોઈએ.

ઘર પોતાનું છે કે ભાડાનું છે ? ઘરમાં કેટલા રૂમો છે ? ઘર નાનું છે કે મોટુ છે ? ફર્નિચર કેવું છે ? ઘર ક્યાં એરિયામાં છે ? લોન ચાલે છે ? પરિવારની રહેણીકરણી કેવી છે ? પરિવારની રોજિંદી જીવન શેલી કેવી છે ? પરિવારની ખાણીપીણી કેવી છે ? માતાપિતા સાથે રહેવાનું છે કે અલગ રહેવાનું છે ? ઘરમાં ભાઈ બહેન કેટલા છે ? એમાં પરણેલા કેટલા છે ? ઘરમાં નણદો કેટલી છે ? પરણેલી છે કે કુંવારી છે ? પરિવાર કાંદા લસણ ખાય છે કે નહીં ? પરિવાર મટન મચ્છી ખાય છે કે નહીં ? દર રવિવારે બહાર ફરવા જમવા લઈ જશે કે નહીં ? માતાપિતાનો સ્વભાવ કેવો છે ? દીકરાની ઉંચાઈ કેટલી છે ? દીકરાનો દેખાવ કેવો છે ? દીકરો કેટલું ભણેલો છે ? દીકરાનો મહિને પગાર કેટલો છે ? બચત કેટલી છે ? બેંક બેલેન્સ કેટલું છે ? સોનું કેટલું છે ? પરિવાર કયો ધર્મ પાળે છે ? દીકરાને મિત્રો કેવા અને કેટલા છે ?

આવા અગણિત નકામા સવાલ જવાબ થાય છે પછી આમાં સંબંધ કેવી રીતે નક્કી થાય ? આમાંને આમાં દીકરીની ઉંમર વધતી જાય છે. ૩૦ વરસ પસાર થઈ જતા છેવટે સમાધાન કરવું પડે છે.

કુદરતે બધું એના સમય વખત પ્રમાણે સેટ કરેલું છે એમાં આપણે આમતેમ થયા તો ગયા સમજો. થોડો ઘણો ફાળો દીકરા દીકરીના નસીબનો પણ હોય છે. થોડું ઘણું નસીબ પર છોડી દેવું જોઈએ.

ગમે તેટલું જોશો ગમે તેટલું કરશો પણ લગ્નજીવન સમજદારી સમજણ અને સહનશક્તિ પર જ ટકેલું છે માટે ધીરજ પ્રેમ અને સહનશક્તિ પર જ ટકેલું છે માટે ધીરજ પ્રેમ અને શાંતિથી કામ લેશો તો વાંધો નહી આવે. બાકી નાની મોટી કચકચ તો બધા ઘરોમાં રોજ થાય છે એમાં જ લગ્નજીવનની ખરી મની છે.



Scanned with OKEN Scanner

# શ્રધ્ધાંજલી



જન્મ :

૦૧-૦૨-૧૯૪૨

અરિહંતશરણ :

૦૩-૦૭-૨૦૧૩

## સ્વ. શ્રી હસમુખભાઈ ભાણજીભાઈ મહેતા

સમાજનું એવું આગવું વ્યક્તિત્વ નહીં. હોદો કે પદવી વગરનું અસ્તિત્વ ને છતાંય પરભવ સુધારી લેનારનાં ગુણોની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. પ્રકાશમાં આવ્યા વગર પરમાર્થ પરાયણ જીવન જીવી લેવાની હામ અને સૂઝ તેમનામાં હતી, કુટુંબની દરેક વ્યક્તિ પરત્વેની ફરજ બજાવવામાં પાછી પાની કરી નથી. સરળતા ને સભ્યતાના આગ્રહી એવા, તેમણે પોતાના બન્ને સંતાનો શ્રી કેતનભાઈ અને શ્રી નિતીનભાઈ માં સુસંસ્કારોનું બીજધાન કર્યું. પત્ની ભાવનાબેનનાં સંપૂર્ણ સહકારથી સફળતા પ્રાપ્ત કરી શક્યા. કર્મના ઉદયોને ઉડાડી દેવાની તાકાત અજબ ગજબની. પુત્રવધુઓ ફાલ્ગુની અને શીલાનું વૈયાવચ્ચ દાદ માગી જાય તેવું. સાસુ તેમ જ વહુઓનું વૈયાવચ્ચ સેવા અને કર્તવ્ય પરાયણતા જોનાર આશ્ચર્યમાં પડી જાય.

પત્ની ભાવનાબેનનું જિનાજ્ઞાથી રંગાયેલું જીવન, વ્રતોનું ઉચિત પાલન, આચાર ચુસ્તતા, ઉપાડેલ કદમમાં ક્યારેય પીછે હઠ નહીં, સમતા અને ધૈર્યથી કાર્ય પાર પાડનાર, દાદીમાની નિશ્રામાં રહેનાર પૌત્ર - પૌત્રી... મિહિર,રુચિત,દેવાંશીને કળિયુગમાં સુખની ચાવી સોંપનાર ભાવનાબેન નવી પેઢીને સમર્થ ઉદાહરણ પૂરું પાડે છે.

ધર્મની સાચી વ્યાખ્યા **'અપરોપતાપ'** બીજાને કષ્ટ આપવું નહીં જેનો બીજમંત્ર રહ્યો છે એવા આ ગુણોની અનુમોદના કરી વિરમીએ...

A/502, Labh Ashish, Old Police Lane, Near Agarkar Chowk,
Andheri (East), Mumbai - 400069

Kayami - July



Scanned with OKEN Scanner

# ઘરમાં લોટ નથી...''
# તેના શબ્દો તેને છાતી પર હથોડાની જેમ વાગ્યા

હંમેશની જેમ, તે કરિયાણાની દુકાન બંધ કરીને શેરીમાં થોડી વાર માટે બહાર નીકળ્યો હતો ત્યારે તેને પાછળથી એક નિર્દોષ અવાજ સંભળાયો - 'કાકા.. કાકા..' તેણે પાછળ ફરીને જોયું. લગભગ ૭-૮ વર્ષની એક છોકરી હાંફતી હાંફતી તેની તરફ આવી રહી હતી.

'શું વાત છે.. તમે દોડી રહ્યા છો. ?' તેણે થોડા થાકેલા પણ નરમ અવાજમાં પૂછ્યું. 'કાકા, મારે ૧૫ રૂપિયાના ચોખાના ટુકડા અને ૧૦ રૂપિયાની દાળ ખરીદવાની હતી.' છોકરીની આંખોમાં નિર્દોષતા અને જરૂરિયાત બંને દેખાઇ રહ્યા હતા. તેણે પાછળ ફરીને પોતાની દુકાન તરફ જોયું, પછી કહ્યું 'મેં હવે દુકાન બંધ કરી દીધી છે, દીકરા.. તું સવારે ખરીદી શકે છે.' 'મને હમણાં જ તેની જરૂર હતી.' છોકરીએ ધીમેથી કહ્યું.

'કૃપા કરીને વહેલા આવી જાઓ મેં હવે બધો સામાન પેક કરી દીધો છે.' તેણે નરમ પણ વ્યાવસાયિક સ્વરમાં કહ્યું. છોકરી શાંત થઇ ગઇ. તેણીએ આંખો નીચી રાખીને કહ્યું - 'બધી દુકાનો બંધ છે અને ઘરમાં લોટ નથી.' તેના શબ્દો એને છાતી પર હથોડાની જેમ વાગ્યા. તે થોડીવાર ચૂપ રહ્યો. પછી તેણે પૂછ્યું, 'તું વહેલા કેમ ન આવ્યો ?' પપ્પા હમણાં જ ઘરે આવ્યા છે અને ઘરમાં લોટ નથી' તે અટકી ગઇ, કદાચ તે પોતાના આંસુ રોકી રહી હતી. તેને બીજું કંઇ પૂછવાની જરૂર નહોતી. તેણે છોકરીની આંખોમાં જોયું અને કંઇ બોલ્યા વિના, ખિસ્સામાંથી ચાવી કાઢી. તેણે દુકાનનું તાળું ખોલ્યું, અંદર ગયો, અને તેણે પેક કરેલો સામાન કાઢતાં, અનાજ અને દાળ તોલ્યા વિના બેગમાં મૂકી દીધા. છોકરી બેગ પકડીને બોલી - 'આભાર કાકા' 'કોઇ વાંધો નથી. હવે કાળજીપૂર્વક ઘરે જાઓ.' આમ કહીને તેણે ફરીથી દુકાન બંધ કરી દીધી.

તે રાત્રે તે વહેલો સૂઇ શકયો નહીં. છોકરીની ઉદાસી, તેનો માસૂમ ચહેરો અને તે શબ્દો 'ઘરમાં લોટ નથી..' તેના મનમાં ગુંજતા રહ્યા. તેને પોતાનું બાળપણ યાદ આવ્યું.

તે પણ એક વાર આવી જ પરિસ્થિતિમાંથી પસાર થયો હતો. તેના પિતા રિક્ષા ચલાવતા હતા, તેની માતા બીજા લોકોના ઘરે કામ કરતી હતી. ઘણી વખત તેને રાત્રે પાણીમાં પલાળેલી રોટલી ખાવી પડતી હતી. જો કોઇએ તેને મદદ કરી હોત, તો તેને ખૂબ રાહત થઇ હોત.

'હવે મારી પાસે દુકાન છે, મારી પાસે આવક છે, પણ શું મેં માનવતા પણ કમાવી છે ?' તેણે પોતાને પૂછ્યું. સવારે જયારે તેણે દુકાન ખોલી, ત્યારે તેણે સૌથી પહેલું કામ એક બોર્ડ લગાવ્યું - 'જો તમને' કોઇ વસ્તુની જરૂર હોય અને પૈસા ન હોય, તો કૃપા કરીને મને ખચકાટ વિના કહો. તમને કંઇપણ ઉધાર પર નહીં, પણ તમારા પોતાના પર મળશે' તેણે નજીકમાં એક બોક્સ રાખ્યું, જેના પર લખ્યું હતું. 'જો તમે કોઇને મદદ કરવા માંગતા હો, તો તમે તેમાં પૈસા મૂકી શકો છો.'

શેરીના લોકો પહેલા તો આશ્ચર્યચકિત થઇ ગયા. પણ ધીમે ધીમે લોકો સમજવા લાગ્યા કે આ કોઇ પબ્લિસિટી સ્ટંટ નથી, આ એક એવા વ્યક્તિનું હૃદય હતું જે પોતાના ભૂતકાળમાંથી પાઠ શીખીને કોઇનું જીવન સુધારવા માંગતો હતો.

એક અઠવાડિયા પછી, એ જ છોકરી ફરી આવી, આ વખતે તેના નાના ભાઈ સાથે. 'કાકા, પપ્પાએ મને થોડા પૈસા આપ્યા છે. ગઇ વખતે આપેલા પૈસા પણ ઉમેરી દો.' તેણીએ નિર્દોષતાથી કહ્યું. 'ના દિકરા, તે દિવસે તેણે મને જે આપ્યું તે માનવતાનું ઋણ હતુ. તેનો કોઇ હિસાબ નથી.' છોકરી હસતી. તેણે દુકાનમાં રાખેલ બોર્ડ વાંચીને કહ્યું - 'પપ્પાએ કહ્યું છે કે જયારે તે કામ પરથી પાછો આવશે, ત્યારે તે આ બોક્સમાં પૈસા નાખશે, જેથી બીજા કોઇને પણ મદદ મળી શકે.' તે દિવસે દુકાનદારની આંખો ભરાઇ ગઇ. કોઇે સાચું કહ્યું છે - 'ભલાઇ કયારેય વ્યર્થ જતી નથી.'

ધીમે ધીમે આ દુકાનનું નામ શેરીમાં ફેલાવા લાગ્યું - 'માનવતાની દુકાન' શેરીની વૃદ્ધ મહિલાઓ, એકલા રહેતા વૃદ્ધા અને દૈનિક મજૂરો હવે અહીંથી આદરપૂર્વક માલ ખરીદતા હતા. જે લોકો સક્ષમ હતા તેઓ તે બોકસમાં કંઇક ને કંઇક નાખતા હતા. ઘણા સ્કૂલના બાળકો પણ તેમની પિગી બેંકમાંથી બૈસા લાવીને તેમાં નાખતા હતા. આ દુકાન હવે ફક્ત વ્યવસાયનું સ્થળ રહી ન હતી, તે વિશ્વાસનું મંદિર બની ગઇ હતી.

થોડા જ સમયમાં આ દુકાનની ચર્ચા સોશિયલ મીડિયા પર થઇ ગઇ. એક સ્થાનિક પત્રકારે પોતાના અખબારમાં આ વાર્તા પ્રકાશિત કરી. 'જયાં નફો જરૂરી નથી, ત્યાં જરૂરિયાતની કિંમત વધારે છે - આ દુકાનની વાર્તા વાંચો' આ લેખ વાયરલ થયો. ઘણા સોશિયલ મીડિયા પેજે આ દુકાનના વીડિયો બનાવ્યા. લોકો આ 'માનવીય દુકાન' જોવા માટે દૂર-દૂરથી આવવા લાગ્યા. પરંતુ દુકાનદારે કયારેય તેનો ફાયદો ઉઠાવ્યો નહીં. તેણે કહ્યું - 'જો કોઇ છોકરીની ભૂખે મને બદલી નાખ્યો હોય, તો કદાચ આ દુકાન બીજા કોઇને પણ બદલી નાખશે.'

તે છોકરી હવે દરરોજ શાળાએ જાય છે. દુકાનદારે તેની શાળાની ફી પણ ગુપ્ત રીતે ચૂકવી હતી. તેના પિતાએ દુકાનદારને કહ્યું - 'તે દિવસે તે મને ફક્ત ચોખા અને દાળ જ નહોતા આપ્યા, તમે મારી દીકરીને ખાતરી આપી હતી કે સારા લોકો હજુ પણ આ દુનિયામાં જીવંત છે'. આજે પણ તે દુકાનની બહાર તે બોર્ડ લટકાવેલું છે. - 'જો તમને કોઇ વસ્તુની જરૂર હોય અને તમારી પાસે પૈસા ન હોય, તો મને જણાવવામાં અચકાશો નહીં.' અને દરરોજ કોઇ વ્યક્તિ શાંતિથી તે બોક્સમાં કંઇક મૂકીને જતો રહે છે.

આ તે નાની છોકરીની વાર્તા છે, પરંતુ તે પરિવર્તનની એક મોટી લહેર બની ગઇ છે. એક વ્યક્તિ, એક દુકાન અને એક નિર્દોષ અવાજે સાબિત કર્યું કે - 'પરિવર્તન બહારથી શરૂ થતું નથી, પરંતુ હૃદયની અંદરથી શરૂ થાય છે.'



Scanned with OKEN Scanner

# ભાવભરી શ્રધ્ધાંજલી



જન્મ :
૦૧/૦૯/૧૯૩૯

સ્વર્ગવાસ :
૨૩/૦૭/૨૦૧૮

## સ્વ. પ્રફુલ્લા પ્રીતમલાલ મહેતા

મૂળવતન : જુનાગઢ, હાલ : થાણા

સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડયું નહીં
જીવન તમે એવુ જીવ્યા, ભુલ્યુ ભુલાય નહીં
ધુપસળી જેવુ જીવન જીવી ગયા,
સુગંધ જેની ચૌ તરફ મુકતા ગયા
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને
શાંતિ આપે એવી અમારી અંતકરણ પૂર્વકની પ્રાર્થના

લી.

પ્રીતમલાલ દલીચંદ મહેતા

| | | |
|---|---|---|
| **પુત્ર–પુત્રવધુ** | : | **વિવેક–મેઘા,** |
| **પૌત્ર–પૌત્રી** | : | **અંશ , રુહ** |
| **પુત્રી–જમાઈ** | : | **જયશ્રી–ભરતકુમાર,** |
| **દોહિત્ર** | : | **સિધ્ધાર્થ** |
| **પુત્રી–જમાઈ** | : | **રાજશ્રી – વિપુલ** |
| **દોહીત્ર–દોહીત્રી** | : | **નિરવ, પ્રિયા** |



Scanned with OKEN Scanner



# મોબાઇલ ફોન - વર્ગખંડ શિક્ષણનું દૂષણ કે આભૂષણ ?

- ડૉ. અશોક પટેલ (વાસણા-અમદાવાદ)

આધુનિક ટેકનોલોજીનો વર્ગખંડ શિક્ષણમાં પ્રવેશ એ આવકાર્ય અને ઉલ્લાસ ઉપજાવનારી ઘટના ગણી શકાય. આમ છતાં એક સિક્કાની બે બાજુની જેમ કયારેક જે પોષતું તે જ મારતું પણ બની જાય છે. જેનું એક ઉદાહરણ મોબાઇલ ફોન ગણી શકાય. મોબાઇલ ફોનની શોધ અને ઉપયોગ કરવાની આવડતે વ્યક્તિની સોચ જ બદલી નાંખી છે. આજે મોબાઇલ ફોન વિદ્યાર્થી આલમમાં શૈક્ષણિક સાધન નહીં પણ સ્ટેટસ સિમ્બોલ બની રહ્યો છે. મોબીલીટીએ મોડર્નાલીટી અને પર્સનાલિટી ગણાય છે, ત્યારે શિક્ષણઆલમમાં તેના ઉપયોગ અને પ્રતિઉપયોગ સાથેની ચર્ચાઓ થવા લાગી છે.

હમણાં જ ઘટેલી બે ઘટનાએ આખા દેશના શિક્ષણ ચિંતકો, મનોવિજ્ઞાનીઓ અને મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરો માટે ખાસું એવું ધ્યાન દોર્યું છે. પટનાની એક શાળામાં ધો.૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પાસેથી તેની સ્કૂલબેગમાંથી મોબાઇલ મળતાં તે વિદ્યાર્થીનીને શાળામાંથી હાંકી કાઢવામાં આવી. તો બીજી અન્ય એક કોલેજમાં એક વિદ્યાર્થીનીનો મોબાઇલ ચાલુવર્ગમાં રણકી ઉઠતાં જ તેની શિક્ષિકાએ લાફો ઝીંકી દીધો હતો. આ બંને ઘટનાઓએ વાલી, વિદ્યાર્થી અને શિક્ષકને સામસોમ લાવી દીધા હતાં. એક ટી,વી. ચેનલે તો આ માટે ચર્ચા પણ ગોઠવી હતી. ત્યારે સૌના મનમાં પ્રશ્ન થાય જ કે વર્ગખંડમાં - શાળા કે કોલેજ કેમ્પસમાં મોબાઇલ ફોનની જરૂર કેટલી? શાળા-કોલેજોમાં મોબાઇલ ફોન જરૂરી છે તેવું માનનાર વિદ્યાર્થીઓ અને વાલીની દલીલ એવી છે કે મોબાઇલ ફોન સુરક્ષા પૂરી પાડે છે. ખાસ કરીને છોકરીઓ પક્ષે આ દલીલ કેટલાક અંશે સાચી પણ જણાય છે. એવી કેટલીક ઘટનાઓ બનતી હોય છે કે જે વખતે તાત્કાલિક સહાયની જરૂર હોય ત્યારે વિદ્યાર્થી તાત્કાલિક વાલીનો સંપર્ક સાધી શકે છે. આ ઉપરાંત ઘર કે શાળામાં બનતી ઘટનાઓથી વિદ્યાર્થી કે વાલીને તાત્કાલિક જાણ કરીને આયોજન બદલી શકાય છે. વિદ્યાર્થી કયાં છે અને શું કરે છે તેની માહિતી વાલી ઇચ્છે ત્યારે લઇ શકે છે. આમ વાલીઓ ચિંતા મુક્ત બની શકે છે. અકસ્માત કે બિમારી વખતે મોબાઇલ ફોન રાહત અપાવવામાં કયારેક મદદરૂપ પણ થાય છે. આમ મોબાઇલ વાલીને વિદ્યાર્થીના સતત સંપર્કમાં રાખે છે.

મોબાઇલ સર્વિસ પૂરી પાડનાર વર્ગનું કહેવું એવું છે કે, આજના આ અતિઆધુનિક ઇન્ટરનેટના યુગમાં વિદ્યાર્થીઓને મોબાઇલથી દૂર રાખવા એ વિદ્યાર્થીઓ સાથેની ક્રૂરતા જ ગણાય. મોબાઇલને શૈક્ષણિક સાધન તરીકે લેખાવતા આ વર્ગના મતે મોબાઈલ દ્વારા ઇન્ટરનેટ કે એસ.એમ.એસ. નો ઉપયોગ કરીને વિદ્યાર્થી પોતાની શૈક્ષણિક માહિતી મેળવી શકે છે. સમાચારપત્રો અને ટી.વી.ની જેમ જ મોબાઇલ ફોન એ વિદ્યાર્થીઓ માટે અત્યંત સહાયરૂપ સાધન છે, વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ છૂટથી કરવા દેવો જોઇએ. આ લેખના લેખક પોતે જ અધ્યાપક હોવાના નાતે કેટલાક અનુભવોને આધારે મોબાઇલ ફોનને વર્ગખંડ શિક્ષણનું દૂષણ માને છે. આ લેખકને જ અનેકવાર એવા અનુભવો થયા છે કે અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા સરસ રીતે ચાલી રહી હોય અને ત્યાં જ કોઇનો મોબાઇલ ખખડી ઉઠે! આખો વર્ગ ચલિતતાના પંથે! તો વળી કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષણકાર્ય ચાલુ હોય ત્યારે એકબીજાને એસ.એમ.એસ. કરીને સમય પસાર કરતા હોય છે. જેઓ બેઠા હોય છે વર્ગમાં પણ તેમનું મન બીજે ભટકતું હોય છે. કોઇ વિદ્યાર્થીને એસ.એમ.એસ. ફી ન હોય તો તે વળી મોબાઇલમાં કોઇ ગેઇમ રમતો હોય છે. આમ મોબાઇલ એક એવી ચીજ છે કે જે વિદ્યાર્થીનું ચિત્ત બગાડે છે. ચિત્ત કેટલી હદ સુધી બગડયું છે તે માટે સમાજશાસ્ત્રીઓએ એક સંશોધન કરવા જેવું છે. જેમાં દરેક વિદ્યાર્થીના મોબાઇલમાં રહેલા એસ.એમ.એસ. જો વાંચવામાં આવશે તો ખ્યાલ આવશે કે તેઓ કેવા એસ.એમ.એસ. પસંદ કરે છે. મારા મતે જો આવો અભ્યાસ કરવામાં આવે તો ૫૦ ટકા અભદ્ર જોક્સ, ૨૫ ટકા શેરશાયરી, ૩૦ ટકા નિર્દોષ જોક્સ અને ૫ ટકા મૂલ્યોની ખિલવણી માટેના સૂત્રો હશે. આમ એસ.એમ.એસ. એટલે સ્ટુડન્ટ મોડકેપ સર્વીસ (વિદ્યાર્થીને વિકૃતચિત્તવાળાં બનાવનારી સેવા) અથવા તો સ્ટુડન્ટ મિસચિફ સર્વિસ એવું પણ કહી શકાય. વર્ગખંડના મોનીટરનું સ્થાન આજે મોબાઇલે લઇ લીધું છે. રિસેસના સમયે કે કયારેક જાહેરમાં પણ ખાનગીમાં મોબાઇલ વડે છોકરીઓના ફોટા પાડતા વિદ્યાર્થીનો કઇ રીતે બચાવ કરવો? આ ઉપરાંત મોબાઇલ ફોન છોકરા અને છોકરીઓને સંપર્કમાં લાવનાર અને રાખનાર એજન્ટનું કામ પણ કરે છે. હજારો વ્યક્તિઓની વચ્ચે ચાલતા પ્રેમાલાપ માટે કોઇ શંકા પણ કરી શકતું



Scanned with OKEN Scanner

નથી! શાળા-કોલેજોમાં મોબાઇલ ફોન રાખવાના બચાવની સામે બચાવ કરી શકાય કે, શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા જાય છે. ત્યારે તેમનામાં અન્ય દૂષણો પ્રવેશે તેવી તકો શા માટે આપવી? હા... કયારેક વિદ્યાર્થી અને વાલી વચ્ચે ઓચિંતી વાત કરવાની જરૂરિયાત ઊભી થાય તો વાલી કોલેજના ફોન પર સંપર્ક કરી શકે છે. કોઇપણ શાળા કોલેજ ના નથી પાડતી. તો નાની શાળા-કોલેજ ફોન કરવાની પણ કારણતપાસીને સગવડ આપે છે. મોટી શાળા-કોલેજોએ આ માટે શાળા-કોલેજમાં જ પબ્લિક ટેલિફોનની સગવડ ઊભી કરવી જોઇએ. જેથી વિદ્યાર્થી વિનાસંકોચે સરળતાથી ઉપયોગ કરી શકે. મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરની દલીલ ગળે ઉતરે તેવી નથી. આજે પણ શાળા-કોલેજોમાં જયાં કમ્પ્યુટર પર ઇન્ટરનેટનો પૂરતો ઉપયોગ થતો નથી, ત્યાં મોબાઇલ દ્વારા કયાંથી કરવાના છે. કેટલાં વિદ્યાર્થીઓ મોબાઇલ પર ઇન્ટરનેટની સુવિધા ધરાવે છે? અરે, મોબાઇલને કારણે પરીક્ષામાં ચોરી પણ વધતી જાય છે. તો વળી જયાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાનો ન



હોય ત્યાં પણ મોબાઇલનો ઉપયોગ કરીને ગણતરી કરતાં વિદ્યાર્થીઓ પોતાનું ગણિત બગાડતાં જાય છે. વર્ગખંડમાં મોબાઇલ આવવાથી વિદ્યાર્થીઓમાંથી મોરાલીટી જવા માંડી છે. મોબાઇલ એ મલ્ટીમિડિયા જ નહીં મલ્ટીન્યૂશન્સ પણ છે. મોબીલીટી સોસ્યાલીટી વધારે છે પણ સાથે મોરાલીટી ઘટાડે છે. મોબાઇલની સ્પીડ વિદ્યાર્થીને સ્ટુપીડ બનાવી રહી છે ત્યારે વાલીઓએ ચેતી જવાની જરૂર છે. વિદ્યાર્થીઓ પર એટલી જવાબદારી ઠોકી દેવી જરૂરી નથી કે તેની સાથે વાલીએ મોબાઇલ ફોન પર અવારનવાર વાત કરવી પડે. હા... આકસ્મિક ઘટના વખતે મોબાઇલ ઉપયોગી થાય છે, પણ આવી ઘટના કેટલીવાર બને છે? જયારે બને ત્યારે તે ઘટનામાંથી ઉગરવાના અન્ય વિકલ્પો પણ કયાં નથી? કેટલીક શાળા-કોલેજોમાં મોબાઇલના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, પરંતુ પરિણામ મળ્યું નથી. આ માટે તો નિયમ કરતાં નિષ્ઠા વધારે ઉપયોગી થશે. શિક્ષકોના પ્રયત્નોમાં વાલીએ પણ સહભાગી બનીને સહકાર આપવો જોઇએ. શાળાકોલેજોમાં મોબાઇલ લઇ જતો વિદ્યાર્થી જેટલો દંડનીય છે તેટલો જ તેનો વાલી પણ દંડનીય છે.




# ક્ષમાપના

**પર્યુષણ મહાપર્વ નજીક આવી રહ્યા છે. તા.૨૦-૦૮-૨૦૨૫ થી પર્યુષણ પર્વ ચાલુ થઇ રહ્યા છે.**

**પાંચ કર્તવ્યોમાં મધ્યસ્થાને જો કોઇ કર્તવ્ય હોય તો તે છે ક્ષમાપના. કોઇ પણ ભૂલ થઇ ગઇ હોય તો તેને સરળ ભાવે સ્વીકારી તેની માફી માગવી. ક્ષમાપના માટેનો શાસ્ત્રમાં સરળ શબ્દ બતાવ્યો છે. મિચ્છામિ દુક્કડમ.**

**જો કોઇ સાથે વેર થયું હોય તો તેની સાથે અવશ્ય ક્ષમાપના કરવી જોઇએ. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે જેમ ગાંઠવાળો દોરો સોયમાં પ્રવેશી શકતો નથી, તેમ વેરની ગાંઠવાળો આત્મા મોક્ષમાં પ્રવેશી શકતો નથી. માટે સર્વ જીવો સાથે સાચા હૃદયથી ક્ષમાપના કરી વેરનું વિસર્જન કરીએ.**

**આત્મ શુદ્ધિના પાવન મહાપર્વ પર્યુષણ ના અવસર પહેલા શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના તમામ કારોબારી સમિતિના સભ્યો તરફથી તેમજ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ વતી આપ સર્વે સમાજના વડીલો, ભાઈઓ અને બહેનો ને મન, વચન અને કાયાથી જાણતા કે અજાણતા જો કોઇ મનદુ:ખ થયું હોયતો સર્વેને અંત:કરણ પૂર્વક મિચ્છામિ દુક્કડમ.**

**- લિ. શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઇ**

**કારોબારી સમિતિના સભ્યો તેમજ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ.**



# શ્રદ્ધાંજલી



## સ્વ.કંચનબેન હરસુખલાલ કોરડીયા

સ્વર્ગવાસ : ૦૬-૦૭-૨૦૨૦

**શબ્દોથી ન વર્ણવી શકાય તેવી મમતા**
**વાણીથી ન કરી શકાય તેવી સમતા**
**પ્રભુની સદાય નજીક રહેવાય તેવી ધાર્મિકતા**
**સદાય હસતા રહે ને રાખે તેવી સઃહૃદયતા**
**અમને સાચો રાહ દેખાડનાર માર્ગદર્શિતા**

આશિષ મળ્યા તમારા, રહી આજ સુધી છત્રછાયા, આપની હશે ગત ભવના પુણ્ય અમારા
જન્મોજન્મ મળે તમારો વાત્સલ્યભાવ એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના

આપે મમતાભર્યા પ્રેમથી અમારૂ પાલન કરી સાચા ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી અમારા વ્યક્તિત્વને વિકસાવ્યું છે.
આપના સૂચવેલા મૂલ્યો અને ઉચ્ચ સંસ્કારોનો વારસો અમે સાચવી શકીએ તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ. સ્વ.હરસુખલાલ અંદરજી કોરડીયા

| | | | |
|---|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : રાજેશ-ડોલી, | હિતેન-રીટા, | રોહિત-મીના |
| પૌત્ર-પૌત્રવધુ | : રીષભ-પ્રિયા, | ધૈર્ય-મૈત્રી | |
| પૌત્ર-પૌત્રી | : જય, | આર્ચી | જીનલ-હિલોની |
| દિકરી-જમાઈ | : નીલા ચંદ્રેશકુમાર શાહ | | |
| દોહિત્ર - દોહિત્રવધુ | : રાહુલ - હેમાંક્ષી | | |
| દોહિત્રી | : જીનાલી - હાર્દિક - બેબીપિહુ | | |

રાજેશ કોરડીયા - મો. ૮૭૭૯૦૯૨૩૩૦, હિતેન કોરડીયા - મો. ૯૦૨૯૮૯૫૨૧૪
રોહિત કોરડીયા - મો. ૯૯૨૦૬૭૯૮૩૯

Kayami - July

# જયાં સુધી મંજિલ એક રહસ્ય બનીને રહે છે
# ત્યાં સુધી જ તે મંજિલ આપણાં માટે મહત્વની રહે છે.

**- આરતી રામાણી 'એન્જલ'**

દરેક મનુષ્યના જીવનમાં કોઇને કોઇ મંજિલ હોય છે અને તેને પામવા એ રાત દિવસ એક કરી નાખે છે. આખરે અથાગ મહેનત બાદ એ મંજીલે પહોંચે પણ છે, પરંતુ ઘણીવાર મંજિલે પહોંચવા છતાં એને મંજિલે પહોંચવાના સુખની અનુભૂતિ થતી નથી, આનંદ થતો નથી! અંતે છેલ્લે હતાશવશ એ પોતાની મંજિલ જ છોડી દે છે.

કવિ શ્રી મનોજભાઈ ખંડેરીયાની એક જાણીતી રચના 'એમ પણ બને' ખૂબ ઊંડો મર્મ સમજાવી જાય છે જેમાની જો ફક્ત આ એક પંક્તિ પણ સમજી લઇએ તો આપણને આખાં જીવનનો સાર મળી જાય.

**'જયાં પહોંચવાની ઝંખના વર્ષોથી હોય ત્યાં,**
**મન પહોંચતાં જ પાછું વળે એમ પણ બને.'**

ખરેખર, કેટલું સુંદર આ પંક્તિ દ્વારા સમજાવવામાં આવ્યું છે. જીવનનું કેટલું ગૂઢ રહસ્ય આ પંક્તિ બહુ સરળતાથી ખુલ્લું કરી જાય છે! ઘણીવાર આપણને જયાં પહોંચવાની ઝંખના વર્ષોથી થતી હોય, વર્ષોથી કોઇ ઇચ્છા હોય, અભિલાષા હોય અને જયારે તે પૂર્ણ થાય, આપણને આપણી તે મંજિલ મળે ત્યારે આપણને ખરેખર, એ મંજિલ મંજિલ જેવી નથી લાગતી! મંજિલે પહોંચીને પણ આપણું મન ત્યાંથી પાછું વળી જાય છે. આનું એક કારણ આ પણ હોઇ શકે; જયાં સુધી આપણને મંજિલ પર શું છે તે બાબતની જાણ નથી હોતી ત્યાં સુધી જ મનમાં તેનાં માટે આતુરતા હોય છે અને મંજિલ ખરી મંજિલ લાગે છે કે જેને પામવા આપણે કોઇપણ હદ પાર કરી જઇએ છીએ, પરંતુ કહેવાય છે કે 'ડુંગર દૂરથી જ રળિયામણા.' ઘણીવાર આપણને મંજિલે પહોંચતા એમ થાય કે આમાં તો કંઇ જ નથી; હું તો અમસ્તા આની પાછળ દોડતો ભાગતો રહ્યો અને પછી આપણને તે મંજિલ પ્રત્યે અણગમો થવા લાગે, પણ હાં, તે મંજિલ ભલે આપણી ધારણા જેટલી સુખદ કે સુંદર ના હોય બેશક, એ સમયે મંજિલ આપણાં માટે હતાશારૂપ બની રહે, પરંતુ તેનાં માટે ખેડેલી સફરનો અનુભવ ઘણું બધું શીખવી જાય છે જે આપણને શિખરની ટોચે આપમેળે જ પહોંચાડી શકવા સમર્થ છે.

પૌરાણિક માન્યતાઓ પ્રમાણે ભારતની એક નદી નર્મદા આજીવન કુંવારી નદી કહેવાય છે. દંત કથાઓ અનુસાર નર્મદા નદી જેનું બીજું નામ રેવા પણ છે. એ રાજા મૈખલના પુત્રી હતાં. રાજા મૈખલે નર્મદાનાં લગ્ન માટે રાખેલ એક શરત અનુસાર જે પુરૂષ ગુલબકાવલીનું ફૂલ લાવી અને પોતાની પુત્રી નર્મદાને આપવાનો હતો એની સાથે નર્મદાનાં લગ્ન એ કરાવી આપવાના હતા. એ સમયે સોનભદ્ર નદ, નદ અર્થાત્ નદીનું પુરૂષ સ્વરૂપ એમણે આ ફૂલ લાવી અને નર્મદાને આપ્યું જેથી નર્મદા અને સોનભદ્રના લગ્ન નક્કી થયાં. કહેવાય છે કે મન હંમેશા ઉતાવળું જ રહેતું હોય છે. લગ્ન ના હજુ થોડા દિવસો બાકી હતા ત્યારે નર્મદાને સોનભદ્રને મળવાનું મન થયું એથી એમણે પોતાની એક સખી જોહિલાને જે પણ એક નદી છે અને મધ્યપ્રદેશમાં વહેછે એની સાથે પોતાનાં મનની વ્યથા કહેતો એક સંદેશો મોકલાવ્યો જેથી સોનભદ્રને મળવાની પોતાની ઇચ્છા પૂર્ણ થાય, પરંતુ જોહિલાને ગયે ઘણો સમય થયો છતાં ના તો જોહિલા પાછી દેખાણી કે ના તો સોનભદ્રનો કોઇ વળતો સંદેશો! નર્મદા આથી ચિંતાવશ જોહિલાની શોધમાં નીકળી પડ્યાં. જોહિલાને શોધતાં શોધતાં આખરે નર્મદા સોનભદ્ર સુધી પહોંચી ગયાં! ત્યાં પહોંચતાં એમણે સોનભદ્ર અને જોહિલા બન્નેને એક સાથે જોયાં. પોતાનાં થનાર પતિ પોતાની અને પોતાની પ્રિય સખી દ્વારા મળેલ આ દગાને કારણે નર્મદાને ખૂબ ગુસ્સો આવ્યો. પોતાનો ભાવિ પતિ પોતાની સાથે આવું કરશે એ એમણે સ્વપ્નમાં પણ વિચાર્યું ના હતું.

આખરે નર્મદાએ તે સમયે જ એ બન્નેની હંમેશા માટે મોઢું ફેરવી લીધું અને આજીવન કુવારી રહેવાનું નક્કી કર્યું. બન્નેથી મોઢું ફેરવી નર્મદા વિપરીત દિશામાં આગળ વધવા લાગ્યાં. આ જોઇ સોનભદ્ર નર્મદાને રોકવા એમની પાછળ પાછળ ગયા અને એમણે નર્મદાને ઊભું રહેવા કહ્યું, પરંતુ દગો આપનાર ભાવિ પતિ કરતાં આજીવન

**- અનુસંધાન પાના નં-૨૧**



Scanned with OKEN Scanner

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈ

## શ્રી પરેશ-સંજય અમીચંદ જીવનભાઈ વોરા શૈક્ષણિક યોજના



શ્રી પરેશ



શ્રી સંજય

### શ્રી અમીચંદ જીવનભાઈ વોરા

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા દર વર્ષે ધોરણ ૧ થી ૧૦ સ્કૂલ ફી તથા કોલેજ અને હાયર એજ્યુકેશન સહાય અર્થે સમગ્ર ભારતમાં વસતા આપણા જરૂરીયાત મંદ સોરઠ વિશાશ્રીમાળી જૈન પરિવારોના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ખર્ચમાં મદદ રૂપ થવાના શુભ આશ્રયથી 'શ્રી પરેશ-સંજય અમીચંદ જીવનભાઈ વોરા શૈક્ષણિક યોજના' નું અરજી પત્રક મંગાવીને સહાય આપવાનું આયોજન કરવામાં આવે છે. આ શૈક્ષણિક યોજનાને કાયમી કરવાની પ્રેરણા ઇ.સ.૧૯૯૦ થી શ્રી પરેશ-સંજય અમીચંદ જીવનભાઈ વોરા પરિવાર તરફથી મળેલ છે. અને તેઓ કાયમી સહાયક દાતા છે તે બદલ સમાજ તેઓનો ખુબ ખુબ આભાર માને છે.

છેલ્લા ઘણા વર્ષોથી શૈક્ષણિક ખર્ચમાં ધરખમ વધારો થવાથી દરવર્ષે આપણા સમાજના અન્ય દાતાઓ પાસેથી આ યોજના માટે વધુ માં વધુ રકમ ભેગી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને આ કાર્યમાં દરેક દાતાઓ દ્વારા સુંદર પ્રતિસાદ પણ મળી રહ્યો છે. સમાજના દરેક દાનવીરોનો ખુબ ખુબ આભાર.

### Paresh-Sanjay Amichandbhai Jivanbhai vora Education Fund-2025

| No. | NAME | AMOUNT | | |
|---|---|---|---|---|
| 1 | TARACHAND MEHTA CHARITY TRUST | 198000 | | |
| 2 | SHRI SHRIKANTBHAI SAKARCHAND VASA | 198000 | | |
| 3 | SHRI KANTILAL NANDLAL VORA | 198000 | | |
| 4 | SMT. MALTIBEN BIPINBHAI PUNATAR | 180000 | | |
| 5 | HEMNJAY CHARITABLE TRUST (Haste Shri Bhartbhai Nayalchand Mehta) | 108000 | | |
| 6 | SMT. PRITIBEN MAHESHBHAI VORA | 108000 | | |
| 7 | SHRI LALITBHAI DAMODARDAS MEHTA | 108000 | | |
| 8 | SMT.BHAVNABEN JAYESHBHAI ISHVARLAL MEHTA | 90000 | | |
| 9 | SHRI PRADEEPBHAI NAUTAMLAL BHAGWANJI SHAH | 54000 | | |
| 10 | SMT. CHANDRAPRABHABEN ARVINDBHAI MEHTA | 54000 | | |
| 11 | VRAJLAL BECHARDAS MEHTA TRUST | 54000 | | |
| 12 | SMT. JYOTIBEN PRAVINCHANDRA VORA | 54000 | | |
| 13 | SHRI SURESHBHAI JAYANTILAL SHAH | 54000 | | |
| 14 | GIRDHARLAL JIVANBHAI VORA CHARITY TRUST | 54000 | | |
| 15 | NARROTTAMDAS JIVANBHAI VORA CHARITY TRUST | 50000 | | |
| 16 | SMT. MADHURIBEN PRANLAL KAPURCHAND DOSHI | 36000 | | |
| 17 | SHRI ABHAYBHAI DALICHAND PAREKH | 36000 | | |
| 18 | SMT. PRITIBEN ABAHAYBHAI PAREKH | 36000 | | |
| 19 | SMT. BHAVNABEN HASMUKHBHAI PAREKH | 36000 | | |
| 20 | LATE SMT. GULABBEN CHHAGANLAL BHANSALI | 36000 | | |
| | **TOTAL AMOUNT** | **1742000** | | |

Contd....

| No. | NAME | AMOUNT | | |
|---|---|---|---|---|
| 21 | SHRI ROHITBHAI VASANTRAI SHETH | 18000 | | |
| 22 | SHRI SIDDHARTHBHAI VIRESHKUMAR BHANSHALI | 18000 | | |
| 23 | SHRI ASHVINBHAI POPATLAL MEHTA | 18000 | | |
| 24 | SHRI MANISHBHAI P DOSHI | 18000 | | |
| 25 | SHRI UMEDBHAI A SHAH | 18000 | | |
| 26 | SHRI PARAGBHAI SANGHVI | 18000 | | |
| 27 | SHRI GAJENDRABHAI CHIMANLAL VASA | 18000 | | |
| 28 | SHRI HASHMUKHBHAI HIMATLAL SANGHVI | 18000 | | |
| 29 | SMT. REKHABEN KIRITBHAI VORA | 18000 | | |
| 30 | SHRI SHASHINBHAI JAYANTILAL KORADIYA | 18000 | | |
| 31 | SMT. PRITIBEN CHETANBHAI VASA | 18000 | | |
| 32 | SMT. USHABEN DHIRAJLAL PAREKH | 18000 | | |
| 33 | MAST. YASH VIKALP VASA | 18000 | | |
| 34 | SMT. PUSHPABEN BHUPATRAI MAGANLAL RAMANI | 18000 | | |
| 35 | SHRI MUKESHBHAI MANSUKHLAL BHIMANI | 18000 | | |
| 36 | SHRI PIYUSHBHAI MANSUKHLAL BHIMANI | 18000 | | |
| 37 | SHRI HARSUKHBHAI KHUSALCHAND DHRUV | 18000 | | |
| 38 | SHRI SURESHBHAI KHUSHALCHAND DHRUV | 18000 | | |
| 39 | SHRI KUNALBHAI NARESHBHAI MEHTA | 18000 | | |
| 40 | A WELL WISHER | 18000 | | |
| 41 | SHRI DHIRAJLAL MANILAL MEHTA | 18000 | | |
| 42 | SHRI NILESHBHAI PRABHUDASBHAI SANGHAVI | 18000 | | |
| 43 | SHRI AMITBHAI SANATKUMAR VORA | 18000 | | |
| 44 | SHRI RONAKBHAI MANSUKHLAL SHAH | 18000 | | |
| 45 | SHRI BHARATBHAI NAVNITBHAI SANGHAVI | 18000 | | |
| 46 | SHRI MANISHBHAI SATISHCHANDRA MEHTA | 18000 | | |
| 47 | DR. SUDHIRBHAI JAYSUKHLAL MEHTA | 9000 | | |
| 48 | SHRI VIRENBHAI JAYSUKHLAL MEHTA | 9000 | | |
| 49 | SHRI PARIMALBHAI MANSUKHLAL BHIMANI | 9000 | | |
| 50 | SHRI MAHESHBHAI MATHURADAS SHAVADIA | 9000 | | |
| 51 | SMT. HARSHABEN MAHESHBHAI SAVADIA | 9000 | | |
| 52 | A WELL WISHER | 5400 | | |
| 53 | SMT. SUDARSHANABEN PRAFULCHANDRA MEHTA Haste Sejalben P. Mehta | 5400 | | |
| | **TOTAL** | **523800** | | |
| **NO** | **NAME** | **AMOUNT** | | |
| 1 | SHRI PRAKASHBHAI RAMNIKLAL MEHTA | 360000 | CORPUS | |
| 2 | SHRI KETANBHAI VINUBHAI VORA | 51000 | CORPUS | |
| 3 | SHRI KETANBHAI VINUBHAI VORA | 51003 | CORPUS | |
| | **TOTAL** | **462003** | | |
| **NO** | **NAME** | **AMOUNT** | | |
| 1 | NARROTTAMDAS JIVANBHAI VORA CHARITABLE TRUST | 50000 | YEAR 2024 | |
| 2 | MAHENDRABHAI MANILAL DHOLAKIA | 25000 | YEAR 2024 | |
| | **TOTAL** | **75000** | | |

વર્ષ ૨૦૨૫ માં નોર્મલ એજ્યુકેશન ફંડ રૂપિયા ૨૨,૬૫,૮૦૦/- જેવી માતબર રકમ ભેગી થયેલ છે તેમજ કોર્પસ ફંડ માં રૂપિયા ૪,૬૨,૦૦૩/- જેવી રકમ ભેગી થયેલ છે. સમાજ દરેકે દરેક દાતા પરિવાર નો ખુબ ખુબ આભાર માને છે તેમજ ભવિષ્યમાં પણ આવીજ રીતે સાથ અને સહકાર આપતા રહેશો તેવી આશા.



Scanned with OKEN Scanner

# Sorath Vama Vrund

Shri Tarachand Dhanjibhai Mehta Karyalay, 4 Devkaran Mansion,
2nd Floor, Vithaldas Lane, Block No. 7, Mumbai - 400002.
Tel No: 022 2206 9172. • Email :sorathvamavrund@gmail.com

TOGETHER WE CAN

# સોરઠ વામા વૃંદ

## સન્નારીઓનું સંગઠન, સમાજ ઉત્કર્ષ અને સશક્તિકરણનું પ્રતિક

### નારી એટલે વાત્સલ્ય... નારી એટલે માંગલ્ય...
### નારી એટલે માતૃત્વ... નારી એટલે કર્તવ્ય...

સોરઠ પ્રદેશની નારી શક્તિના સંગઠન માટે એક નવલું આયામ, 'સોરઠ વામા વૃંદ' ની સ્થાપના ૨૭ જૂન, ૨૦૨૫ (અષાઢી બીજ) ના શુભ દિવસે થયેલ છે. 'સહુનો સાથ, સહુનો સહકાર' ના પવિત્ર ભાવ સાથે, સોરઠની સન્નારીઓ દ્વારા, સન્નારીઓ માટે અને સોરઠ સન્નારીઓનું આ સંગઠન સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા કટિબદ્ધ છે. આ સોરઠ વામા વૃંદ નો મુખ્ય ઉદ્દેશ્ય નારી સશક્તિકરણ, સામાજિક ઉત્કર્ષ અને યુવા નારીશક્તિને પ્રોત્સાહિત કરવાનો છે.

**સોરઠ વામા વૃંદના આશયો: એક દ્રષ્ટિ**

સોરઠ વામા વૃંદના પાયામાં પાંચ મુખ્ય આશયો રહેલા છે. જે સમાજ અને નારી બંનેના ઉત્કર્ષ માટે માર્ગદર્શક બનશે :

૧. **સહુનો સાથ, સહુનો સહકાર મેળવવો :** આ સંગઠનનો મૂળભૂત પાયો પરસ્પર સહયોગ અને સદભાવના છે. સોરઠની તમામ મહિલાઓને એક મંચ પર લાવી, એકબીજાના પૂરક બનીને આગળ વધવાનો આશય છે.

૨. **સાથે મળી સમાજ ઉત્કર્ષના કાર્યો કરવા :** સોરઠ વામા વૃંદ માત્ર એક સંગઠન નથી, પરંતુ સામાજિક જવાબદારીનું વહન કરતું એક માધ્યમ પણ છે. શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં સક્રિય યોગદાન આપી, સમાજને વધુ સુદ્રઢ બનાવવાનો સંકલ્પ છે.

૩. **વુમન એમ્પાવરમેન્ટ (નારી સશક્તિકરણ) :** આ વૃંદનો એક મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય મહિલાઓને સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે સશક્ત બનાવવાનો છે. તેમને પોતાના હક અને ફરજો પ્રત્યે જાગૃત કરી, આત્મનિર્ભર અને આત્મવિશ્વાસુ બનાવવામાં મદદ કરવી.

૪. **સહજ આનંદ અને હળવાશથી પળોને માણવી :** જીવનના ભાગદોડભર્યા માહોલમાં મહિલાઓને એકબીજા સાથે જોડાઇ, સહજ આનંદ અને હળવાશથી પળોનો અનુભવ કરાવવાનો પણ આ વૃંદનો આશય છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, મનોરંજક પ્રવૃત્તિઓ અને ગેટ-ટુગેધર દ્વારા માનસિક સ્વાસ્થ્ય અને ખુશીને પ્રાધાન્ય આપવામાં આવશે.

૫. **યુવા નારીશક્તિને પ્રોત્સાહિત કરવા :** ભવિષ્યની ધરોહર સમાન યુવા નારીશક્તિને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવું એ સોરઠ વામા વૃંદનો એક મહત્વપૂર્ણ લક્ષ્ય છે. તેમને પોતાની સુષુપ્ત શક્તિઓને ઓળખી, સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રેરિત કરવામાં આવશે.

**સદસ્યતા અને યોગદાન**

સોરઠ વામા વૃંદનો ભાગ બનવા માટે, લાઇફ ટાઇમ રજીસ્ટ્રેશન ફી રૂપિયા ૫૦૦/- (નોન ટ્રાન્ફરેબલ) અને વાર્ષિક મેમ્બરશીપ ફી રૂા.૧૦૦૦/- રાખવામાં આવેલી છે. આ નજીવા યોગદાન દ્વારા તમે એક ભવ્ય સામાજિક વ્યવસ્થાનો હિસ્સો બની શકો છો અને સમાજ ઉપયોગી કાર્યોમાં પોતાનો ફાળો આપી શકો છો.

પ્રથમ વર્ષ ની મેમ્બરશિપ તા.૨૧-૦૯-૨૦૨૫ થી ૩૧-૦૩-૨૦૨૬ સુધીની રહેશે. એની અર્ધ વાર્ષિક મેમ્બરશિપ ફી રૂપિયા ૫૦૦/- રાખવામાં આવેલ છે.

**આવો, સાથે મળી સમાજ ઉપયોગી બનીએ !**

સોરઠ વામા વૃંદ એ માત્ર એક સંગઠન નહીં, પરંતુ એક પરિવાર છે, જયાં દરેક સભ્યને સન્માન, સહયોગ અને સશક્તિકરણનો અનુભવ થશે. અમે આપ સૌ સોરઠની સન્નારીઓને હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. આવો, આપણે સૌ સાથે મળીને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવીએ અને એક ઉજ્જવળ ભવિષ્યનું નિમાર્ણ કરીએ.

**આપના સ્વાગત માટે આતુર સોરઠ વામા વૃંદ સમિતિ સભ્યો ના જય જિનેન્દ્ર**



Scanned with OKEN Scanner

# સોરઠ વામા વૃંદ
# કારોબારી સમિતિ - ૨૦૨૫



શ્રીમતી રીટાબેન કિરીટકુમાર મહેતા
પ્રમુખ

TOGETHER WE CAN



શ્રીમતી દર્શનાબેન પરિમલભાઈ ભીમાણી
ઉપપ્રમુખ



ડો.ચાંદનીબેન આશિષભાઈ મહેતા
સેક્રેટરી



શ્રીમતી રીટાબેન દીપકભાઈ સંઘવી
જોઇન્ટ સેક્રેટરી



શ્રીમતી દક્ષાબેન ભરતભાઇ મહેતા
ટ્રેઝરર



શ્રીમતી રૂપલબેન રાજેશભાઈ મહેતા
જોઇન્ટ ટ્રેઝરર



શ્રીમતી લીનાબેન જયેશભાઇ વસા
કમિટી મેમ્બર - ભાયંદર



શ્રીમતી શોભનાબેન પ્રવીણભાઈ પારેખ
કમિટી મેમ્બર



શ્રીમતી પ્રીતિબેન ચેતનભાઇ વસા
કમિટી મેમ્બર



શ્રીમતી જીગીષાબેન વિક્રમભાઈ વોરા
કમિટી મેમ્બર



Scanned with OKEN Scanner



# ચિ.વીર કેતનભાઈ કોરડીયા

ખારચીયા-જૂનાગઢ નિવાસી હાલ કાંદિવલી સ્વ.કલાવતીબેન તથા સ્વ.જશવંતલાલ છગનલાલ કોરડીયાના પ્રપૌત્ર ચિ.વીર કેતનભાઇ કોરડીયા એ આઇ.સી.એસ.ઇ. ધોરણ ૧૦ માં ઓવર ઓલ ૯૯.૩૩ ટકા માર્કર્સ પ્રાપ્ત કરી કાંદિવલી (ઇસ્ટ) માં આવેલી ચિલ્ડ્રન્સ એકેડમી માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું તેમજ ઓલ ઇન્ડિયા લેવલે ૩જી રેન્ક પ્રાપ્ત કરી છે.

વીરના દાદા સ્વ.જશવંતલાલભાઇ બી.કોમ. ગ્રેજ્યુએટ હતા તેમજ દાદી કલાવતીબેન ઇન્ટર પાસ હતા.

ચિ.વીર પહેલેથીજ તેજસ્વી વિદ્યાર્થી તરીકે પંકાયેલો હતો. કે.જી. થી લઇને ૯માં ધોરણ સુધી દરવર્ષે ૯૦ ટકા માર્ક્સ સાથે ઉતિર્ણ થયેલ છે અને આ વખતે એસ.એસ.સી માં સ્કૂલ નું નામ દીપાવ્યું સાથે સોરઠ સમાજનું પણ નામ દીપાવ્યું. વીર ને એકસ્ટ્રા કરિક્યુલર એકટીવિટીસ માં લોજિકિડ્સ આંતરરાષ્ટ્રીય રેન્ક ૧ મળેલી છે. પ્રભુત્વ ટ્રોફી ગ્રેડ-૫. હોમી ભાભા ક્વીઝ માં સેકન્ડ રાઉન્ડ તદુપરાંત ઘણી આવી સિદ્ધિ હાંસલ કરેલ છે.

ચિ.વીર શરૂઆતથીજ સ્કૂલમાં જ બરાબર ધ્યાન અને જાત મહેનતથી બોર્ડની પરીક્ષા ની તૈયારી કોચિંગ કલાસમાં ગયા વગર જ આટલી મોટી સિદ્ધિ હાંસલ કરેલી છે. તેણે ફક્ત મેથ્સ અને સાયન્સ ના ટેસ્ટ સિરીઝ કોચિંગ કલાસ દ્વારા કરેલું હતું. આગળ જતા વીરને એન્જિનીયર ફેકલ્ટી માં રસ છે અને આગળનું ભણતર ખ્યાતનામ આઇ.આઇ.ટી. કોલેજ માં કરવાની મહેચ્છા છે. વીર ભણવા ઉપરાંત ફૂટબોલ, ક્રિકેટ અને વાંચન નો શોખ ધરાવે છે.

વીરના પપ્પા શ્રી કેતનભાઈ બી. ઇ. સીવીલ એન્જીનિયર અને હાલમાં સિવિલ કોન્ટ્રાક્ટર નું કામ કરી રહ્યા છે તેમજ તેના મમ્મી શ્રીમતી ડો.હેમાલીબેન, બી.ડી.એસ.(ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ, મુંબઇ) અને હાલમાં ડેન્ટલ સર્જન તરીકે પ્રેકટીસ કરી રહ્યા છે. વીર ની મોટીબેન ફોરમ તેના મમ્મીના પગલે ડોકટર (એમ.બી.બી.એસ) (એમ.ડી. પીડીયાટ્રીકસ) તરીકે સાયન હોસ્પિટલમાં સિનિયર ડોકટર તરીકે ફરજ બજાવી રહ્યા છે.

ચિ.વીરને એસ.એસ.સી. માં ટોપર રેન્કમાં આવવા બદલ તેમજ આગળના એન્જીનીયરીંગ ના અભ્યાસ ક્રમ માટે શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ, મુંબઇ તરફથી હાર્દિક શુભેચ્છા.



Scanned with OKEN Scanner

# પીડા બેઉમાં છે, તમારે એમાંથી એકની પસંદગી કરવાની છે

- સૌરભ શાહ

રેગિસ્તાનમાં ભૂલો પડેલો માણસ રાત પડવાની રાહ જુએ, સૂર્યાસ્ત પછીનું અંધારું છવાય ત્યાં સુધી ધીરજ ધરે અને ધ્રુવના અચળ તારાને જોઇને પોતાની દિશા નક્કી કરી મુસાફરી આગળ વધારે.

પોતાના જ ઘરમાં, પોતાની જ દુનિયામાં ભૂલા પડી ગયેલા માણસ માટે ધ્રુવનો તારો કોણ? બીજી વ્યક્તિ, ચાહે એ અંગત હોય કે બિનઅંગત, સાથેની વાતચીત દિશા સૂઝાડી શકે. કયારેક કોઇ પુસ્તક, કોઇ પ્રવચન કે કોઇનો હૂંફભર્યો સહવાસ પણ માર્ગ ચીંધી શકે. પણ આમાંનું કશુંય ધ્રુવના તારાની જેમ અચળ નથી. આમાંનું કોઇ ભવિષ્યમાં પણ એના એ જ વિચારો ધરાવશે એની કોઇ પાકી ખાતરી નથી. એમાં બદલાવ આવે એ શક્ય છે કારણકે ભૂતકાળમાં એમના કેટલાક વિચારો અત્યારે છે એના કરતાં જુદા હતા. બહારનાને ભરોસે રહીને દિશા નક્કી કરવાથી કયારેક એ લોકો પોતાનું જ સુકાન ફેરવી નાખે તો એમના આધારે આગળ વધી રહેલો પ્રવાસી ગુમરાહ થઇ જાય.

કોઇકે આપણને એક વિચાર આપ્યો. ગમી ગયો. એ વિચારની આસપાસ જિંદગી ગૂંથીને ભવિષ્ય વણી રહ્યા હોઇએ અને ખબર પડે કે હવે એ વ્યક્તિ એ વિચારમાં શ્રદ્ધા ધરાવતી નથી. એવું કરવાનો એમને હક્ક છે. પણ એ વખતે આપણું શું? એમનો નવો વિચાર આપણને ન ગમ્યો હોય તો પણ એને અપનાવી લેવો? કે પછી એમણે જે ત્યજી દીધો છે એ જૂના વિચારને આપણે વળગી રહેવું?

એટલે જ બહેતર એ છે કે બીજાએ સર્જેલા તારાને ધ્રુવતારક માની લેવાને બદલે માણસ પોતે પોતાને ધ્રુવ બને. બીજાએ જે ચીંધ્યો છે એ તારો એમના માટે ધ્રુવનો હોઇ શકે, આપણા માટે નહીં. દરેકની પાસે પોતપોતાનો એક ધ્રુવનો તારો હોય, એનો પોતાનો ગાઇડિંગ સ્ટાર હોય. નોર્થ સ્ટારને અંગ્રેજીમાં ગાઇડિંગ સ્ટાર પણ કહે.

માણસ પોતે જ પોતાનો માર્ગદર્શક બને એ કામ સહેલું નથી. પણ સ્વતંત્રતાપૂર્વક, આત્મનિર્ભર રહીને જીવવા માટે એવું અનિવાર્ય છે. જન્મતાંની સાથે જ પરાવલંબી જીવનનો આદિ થઇ ચૂકેલો માણસ સંસારમાં પૂરેપૂરો પ્રવેશતાં સુધીમાં સંપૂર્ણપણે પરાધીન બની જાય છે. આ માનસિક પરાધીનતા એને કયારેય આત્મનિર્ભર બનવા દેતી નથી, એને કયારેય વૈચારિક સ્વાવલંબન આપતી નથી.

વ્યક્તિના આંતરિક વિરોધાભાસોને બીજાઓ આળખી શકતા નથી. તમને આજે ગળ્યું ભાવે છે અને કાલે તમે મીઠાઇનો ઇનકાર કરીને તીખું માગો છો તો એવું કરવાનો તમને અધિકાર છે. એટલું જ નહીં બેઉને એક સાથે માણી શકવાની, એક સરખી તીવ્રતાથી માણી શકવાની ક્ષમતા પણ તમારામાં હોઇ શકે છે. કવિ કાન્ત કે ન્હાનાલાલની કવિતા જેટલો જ રસ તમને કૅટરિના કેફના નવા આઇટમ સૉન્ગમાં પડી શકે છે. તમારા માટે આ અસ્વાભાવિક નથી કારણકે આ બધું જ સહજ રીતે તમારામાં ઊગતું આવ્યું છે. ખેતરની વચ્ચોવચ સુગંધી છાંયડો આપતા બોરસલ્લીના ઝાડ નીચે બપોરે કાથીનો ખાટલો ઢાળીને તમે ઘસઘસાટ ઊંઘી શકો છો., ફાઇવ સ્ટારના કિંગ સાઇઝ પલંગ પર પણ એવી જ એરકંડિશન્ડ નિદ્રા માણી શકો છો અને સેકન્ડ કલાસના થ્રી ટિયરના કોચમાં છેક ઉપરની બર્થમાં પણ એ જ કક્ષાની ઊંઘ તમને મળી શકે છે. તમને આ ત્રણેય પરિસ્થિતિઓમાં જોનારાઓ એમાંની કોઇ પણ એક સ્થિતિ સ્વીકારીને કહેશે કે બાકીની બે તમારા માટે દેખાડો છે તો ભલેને કહે.

માણસ જે કંઇ કરે છે તે પોતાની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને કરે છે - કાં તો એ પોતાની મર્યાદાઓમાં રહે છે અથવા એ મર્યાદાઓને તોડીને વિકસવાનો પુરૂષાર્થ કરે છે. પણ લોકોને તમારી મર્યાદાઓથી, વિકસવાની પ્રક્રિયાથી કે વિશિષ્ટતાઓથી કોઇ મતલબ હોતો નથી. તેઓ તમારે શું કરવું જોઇ ને શું નહીં એ વિશે જ વિચારતા હોય છે.

લોકો તમારા વિષે શું વિચારે છે એ બાબતને મહત્ત્વ આપવાને બદલે તમારે શું કરવું છે, તમે શું કરી શકો એમ છો અને તમે શું નથી કરવા માગતા એ બાબતો પર જ તમારે ધ્યાન કેન્દ્રિત કરવું હોય ત્યારે જીવવું થોડુંક વધુ કઠિન જરૂર બની જવાનું. બીજાની દૃષ્ટિએ તમે આત્મકેન્દ્રી ગણાવાના - સેલ્ફ સેન્ટર્ડ. પણ હકીકતમાં આ આત્મનિર્ભરતા તરફનું સેલ્ફ રિલાયન્સ ભણીનું - પ્રથમ પગલું હોવાનું.

લોકોની અપેક્ષા મુજબ જીવનની તરાહ ગોઠવી દીધા પછી તેઓ નૃત્ય કરાવે તેમ જ તમારે ડાન્સ કરવો પડે. તમે એક બાબતમાં બીજાઓની અપેક્ષાઓ સંતોષી દો, તમારી પોતાની ઇચ્છાઓને કચડી નાખીને, પછી દરેકે દરેક બાબતમાં તેઓ આશા રાખતા થઇ જાય કે અહીં પણ એમનું ધાર્યું જ થવાનું. તમને ખબર હોય છે



Scanned with OKEN Scanner

કે નવ્વાણું બાબતોમાં એમની અપેક્ષા મુજબનો વર્તાવ કર્યા પછી માત્ર એક જ વખત પૂરતું તમે તમારી મરજી મુજબનું વર્તન કરશો ત્યારે તેઓ અગાઉની નવ્વાણુંવાર આપેલી સ્વીકૃતિ પાછી ખેંચી લેવાના છે. માટે તમે નક્કી કરો છો કે દરેક બાબતમાં તમારે એમની ધૂન મુજબ જ નાચવું. પણ છેવટે કયારેક ને કયારેક આવું કરવાનો તમને થાક લાગતો હોય છે. આવું કરવાથી ખૂબ સહન કરવું પડે છે એવી પ્રતીતિ થઇ ગયા પછી જ ખ્યાલ આવે છે કે આના કરતાં તો પોતાની જીદથી જીવવાનો પ્રયત્ન કરતી વખતે જે સહન કરવું પડે તે ઓછું પીડા દાયક છે.

પીડા બેઉમાં છે. બીજાઓ નચાવે તેમ નાચવામાં અને પોતાનું ધાર્યું કરવામાં. વિકલ્પ તમારી પાસે છે. કઇ પીડા પસંદ છે તમને.

બીજાના વિચારોથી ચાલ્યા પછી, એ વિચારોને ધ્રુવતારક માનીને જીવનની દિશા ગોઠવ્યા પછી, એ વિચારો પલટાય છે ત્યારે દિશાફેર થઇ જાય છે. વિચારોમાં પરિવર્તન, એ આપણા હોય ત્યારે પણ આવવાનું છે. આવા સમયે પોતે સર્જેલા અલાયદો ધ્રુવ તારો હશે તો વિચારોમાં જેટલાં અંશે પરિવર્તન આવશે એટલા જ અક્ષાંશ-રેખાંશ પર ધ્રુવનો તારો પણ સ્થળાંતર કરી લેશે.

પાન બનારસવાલા

**મુદ્દા યે નહીં કિ દાલ મહંગી હે સાહબ,**

**દર્દ યે હે કિ, કિસી કી ગલ નહીં રહી !**

---

# 'તૃષ્ણા'

ધનાઢયોમાં મોટુ નામ ધરાવતા શેઠે તેના મુનશી ને બોલાવીને આદેશ આપ્યોઃ 'મારી સમગ્ર મિલકતની કિંમતનું મૂલ્યાંકન કરો અને મને તેની વિગતો આપો, અને આ કામ વધુમાં વધુ એક અઠવાડિયામાં થવું જોઇએ.'

શેઠ એમની સંપત્તિની ગણતરી કરવા માંગતા હતા. બરાબર એક અઠવાડિયા પછી, મુનશી વિગતો સાથે શેઠજીની સેવામાં હાજર થયા.

શેઠજીએ પૂછ્યું, 'મારી પાસે કેટલી સંપત્તિ છે?' 'શેઠજી, સામાન્ય રીતે કહીએ તો, તમારી સાત પેઢી કંઇપણ કર્યા વિના આનંદથી જીવન માણી શકે છે, તમારી પાસે આટલી સંપત્તિ છે.'

મુનશીના ગયા પછી શેઠજી ચિંતામાં પડી ગયાઃ 'તો શું મારી આઠમી પેઢી ભૂખે મરી જશે!!?' શેઠજી દિવસ-રાત ચિંતા કરવા લાગ્યા. તે તણાવ અનુભવવા લાગ્યા અને થોડા દિવસોમાં તો તેમની ભૂખ જ મરી ગઇ.

શેઠાણીજી શેઠજીની આ સ્થિતિ સહન ન કરી શક્યા, તેમને સ્થિરતા અને માનસિક શાંતિની ખાતરી આપીને શેઠાણીજીએ આખરે શેઠજીને એક સાધુ મહાત્મા પાસે સત્સંગમાં જવાની પ્રેરણા આપી.

શેઠજી તે સંત અને મહાત્માને એકાંતમાં મળ્યા અને તેમની સમસ્યાનું સમાધાન જાણવા માંગતા હતા.

'મહારાજા જી! મારા દુઃખનો કોઇ અંત નથી, મારી આઠમી પેઢી ભૂખે મરી જશે. મારી પાસે મારી સાત પેઢીઓ માટે જ મિલકત છે, કૃપા કરીને કોઇ ઉપાય સૂચવો જેથી મને વધુ મિલકત મળે અને આવનારી પેઢીઓ ભૂખે ન રહે.' તમે મને જે પણ કહો છો, હું કર્મકાંડ તપ, જપ વગેરે કરવા તૈયાર છું.

શેઠજીએ સંત મહાત્માને પ્રાર્થના કરી.

સંત મહાત્માજી એ સમસ્યા સમજી ગયા અને કહ્યું - 'આનો ઉકેલ ખૂબ જ સરળ છે. ધ્યાન થી સાંભળો, શેઠ!'

વસાહતના છેડે એક વૃદ્ધ મહિલા રહે છે, સંપૂર્ણપણે ગરીબ અને નિરાધાર, કમાવાવાળું કોઇ નથી અને ન તો તે પોતે કંઇ કમાઇ શકવા સક્ષમ છે.

તેને માત્ર અડધો કિલો લોટ દાન કરો. જો તે આ દાન સ્વીકારશે તો એટલું પુણ્ય પ્રાપ્ત થશે તે તમારી મનોકામના પૂર્ણ થશે. તમને તમારું ઇચ્છિત પરિણામ ચોક્કસપણે મળશે.

શેઠજીએ ખૂબ જ સરળ ઉપાય શોધી કાઢ્યો. હવે તેઓને ધીરજ કયાં હતી ઘરે પહોંચ્યા પછી તેઓ નોકર સાથે એક ક્વિન્ટલ લોટ લઇને વૃદ્ધ મહિલાની ઝૂંપડીમાં પહોંચ્યા.

શેઠજીએ કહ્યું 'માજી..! હું તમારા માટે લોટ લાવ્યો છું, કૃપા કરીને સ્વીકારો.'

'મારી પાસે લોટ છે, દીકરા! મારે તે જોઇતું નથી.' વૃદ્ધ મહિલાએ સ્પષ્ટ ના પાડી દીધી, 'હજુ પણ રાખો'

શેઠજીએ કહ્યું 'ઠીક છે, વાંધો નહીં, એક ક્વિન્ટલ નહીં તો ઓછામાં ઓછું અડધો કિલો રાખો.'

'દીકરા! આજે મારી પાસે ખાવા માટે અડધો કિલો લોટ છે, મારે વધારોની જરૂર નથી.' વૃદ્ધ મહિલાએ ફરીથી સ્પષ્ટ ના પાડી. અહીં, શેઠજીએ સંત મહાત્માજીએ આપેલા ઉપાયને બધીજ રીતે અનુસરવાનું હતું. વધુ એક પ્રયાસ કરતાં શેઠજીએ કહ્યું, 'તો પછી આવતીકાલ માટે રાખો'

વૃદ્ધ માતાએ કહ્યું - 'દીકરા! હું શા માટે આવતીકાલની ચિંતા કરું છું, જેમ કે હંમેશા કરવામાં આવી છે.' આ વખતે પણ વૃદ્ધ માતાએ લોટ લેવાની સ્પષ્ટ ના પાડી દીધી.

અત્યાર સુધી શેઠજીની આંખ ખુલી ગઇ હતી.: 'એક ગરીબ સ્ત્રીને આવતીકાલના ભોજનની ચિંતા નથી અને અપાર સંપત્તિ હોવા છતાં હું આઠમી પેઢીની ચિંતામાં નબળો પડી રહી છું. મારી ચિંતાનું કારણ ઇચ્છા નથી પણ **તરસ** છે.'

**સારાંશઃ** ખરેખર તૃષ્ણા નો કોઇ અંત નથી. શાંતિ અને સુખ તો સંતોષમાં જ છે. - અજ્ઞાત



Scanned with OKEN Scanner

## રણમાં ખીલ્યું ગુલાબ

# દોષ શું અંધારને દેવો 'ગિરીશ'?

- ડૉ. શરદ ઠાકર

અત્યારસુધી કુંવારો જ રહ્યો છું, કારણ કે જીવનસાથી જો મારા રસ-રુચિ પ્રમાણેની ન મળે તો મારી જિંદગી નર્ક જેવી બની જાય. એના કરતાં તો એકલા સારા!

કોલેજમાં બપોરની 'રિસેસ' પડી. અન્ય છોકરા-છોકરીઓ કેન્ટીન તરફ ગયાં, પણ મિસરી કોલેજની બહાર રસ્તાની પેલી બાજુ પર આવેલી ડિસ્ટ્રિક્ટ લાઇબ્રેરી તરફ ચાલવા માંડી. અંદર જઇને એણે ચિંતન વિષયક એક પુસ્તક પસંદ કર્યું. ગ્રંથપાલના રજિસ્ટરમાં પુસ્તકનું નામ અને લીધઆની તારીખ દર્જ કરાવતી હતી, ત્યાં જ બાજુમાંથી અવાજ આવ્યો, 'સર થોરોનું વોલ્ડન છે ને? સુંદર પુસ્તક છે. વાંચવાની મજા આવશે.'

મિસરીએ માખણ જેવો ચહેરો ઘુમાવ્યો. જોયું તો બાજુમાં એક યુવાન મલકી રહ્યો હતો. એ ભલે શ્યામ રંગ નો હતો, પણ નમણો દેખાતો હતો. એના બોલવામાં અને વર્તનમાં સંસ્કારિતા ઝલકતી હતી. અને મહત્વની વાત એ હતી કે એ 'વોલ્ડન' જેવા અઘરા પુસ્તક વિશે પોતાનો અભિપ્રાય આપી રહ્યો હતો. 'તમે આ પુસ્તક વાંચેલું છે?' મિસરીએ આંખોમાંથી અહોભાવ છલકાવતાં પૂછ્યું. 'હા, જયારે હું દસમા ધોરણમાં હતો ત્યારે વાંચ્યું હતું.'

'દસમામાં? બાપ રે! હું જયારે દસમું ભણતી ત્યારે તો હજી સરસ્વતીચંદ્ર, મળેલા જીવ અને ઝેર તો પીધાં જાણી-જાણી વાંચી હતી!!' 'એ બધું મેં પાંચમા ધોરણ સુધીમાં પતાવી નાખ્યું હતું. ર.વ. દેસાઇ, ધૂમકેતુ, પન્નાલાલ, મેઘાણી અને દર્શકને તો વાંચવા જ પડેને! એ બધાં આપણી ભાષાના ઘરેણાં છે.' યુવાને વિનમ્રતાપૂર્વક સ્વીકાર્યું. 'પણ આવા કીમતી ઘરેણાં પાંચમા ધોરણમાં?! એ ઉંમરે તો અડૂકિયો-દડૂકિયો અને છકો-મકો વાંચવાની ઉંમર ગણાય!'

છકો-મકો તો પહેલા-બીજા ધોરણના સાથીદારો! જો એમાં જ અટવાઇ જઇએ તો પછી ઓ હેનરી, એન્ટન ચેખોવ, વિકટર હ્યુગો, મોંપાસા અને શેક્સિપયર કયારે વાંચવાના?! પણ જવા દો એ બધી વાતો! તમારે મોડું થતું હશે. સાહિત્યના સાગરને રિસેસની ગાગરમાં નહીં સમાવી શકાય.'

મિસરીની આંખો પહોળી થઇ ગઇ, 'એટલે? તમને એ વાતનીયે જાણ છે કે હું સામેની કોલેજમાં ભણું છું અને રિસેસમાં...?' એટલું જાણવા માટે બહુ તેજસ્વી દિમાગની જરૂર નથી, મિસ મિસરી મહેતા! આ લેટેસ્ટ ફેશનનો ડ્રેસ, હાથમાં પકડેલી નોટબુક અને ટેબલ પર પડેલું તમારું મેમ્બરશિપ કાર્ડ, આટલું કાફી છે. નિરીક્ષણ અને તર્ક જરૂરી છે. યુવાન અદબપૂર્વક સહેજ ઝૂકીને, શાલીનતાભર્યું સ્મિત ફરકાવીને ચાલતો થયો. મિસરી અંજાઇ ગયેલી હાલતમાં કેટલીક વાર સુધી ત્યાં જ ઊભી રહી ગઇ. જયારે ભાનમાં આવી ત્યારે એને ભાન થયું કે આવા સાહિત્યપ્રેમી યુવાનને એનું નામ પૂછવઆનું તો ભૂલી જ ગઇ !

-૦-૦-૦-

'મારું નામ મધ્યાહ્ન માવાણી. હું કોલેજમાં સ્પોટ્ર્સ ટીચરની જોબ કરું છું. તમે સાયન્સ કોલેજમાં છો, હું આટ્સ કોલેજમાં છું.' ચાર દિવસ પછી ફરીથી બંને જણાં લાઇબ્રેરીમાં મળી ગયા. મિસરીએ નામ પૂછ્યું. જવાબમાં યુવાને અડધો બાયોડેટા આપી દીધો. 'તમે સ્પોટ્ર્સ ટીચર છો?! અને તેમ છતાં સાહિત્યનો આટલો છંદ?!'

'એમાં આશ્ચર્ય જેવું શું છે.! તમે સાયન્સના વિદ્યાર્થીની થઇને ચિંતનનાં પુસ્તકો નથી વાંચી રહ્યા?' મધ્યાહ્ને એના શુદ્ધ તર્ક વડે મિસરીની બોલતી બંધ કરી દીધી. પછી મૂળ વાત ઉપર આવ્યો, 'આ વખતે કયું પુસ્તક લઇ જવાનો છો?' 'જર્મન સાહિત્યકાર ગેટેનું કોઇ પુસ્તક મળી જાય તો...'

'ના, ગેટે હવે આઉટ ઓફ ડેટ થઇ ગયો છે. તમારે જર્મનીનો જ સાહિત્યકાર વાંચવો હોય તો શિંગ્લરને પસંદ કરો! એનો વાર્તાસંગ્રહ 'ધી હેવન્લી લવ' લઇ જાવ! એ ઓછો જાણીતો છે, પણ વર્લ્ડ કલાસ છે. તમે ચેખોવ અને મોંપાસાને ભૂલી જશો!''અને તમને યાદ કરીશ જો એ પુસ્તક મને ગમી જશે તો!' મિસરી સાકર જેવું મીઠું હસી પડી. પછી કબાટ તરફ વળી ગઇ. જોકે એને શિંગ્લરનું લખેલું એક પણ પુસ્તક ન જડ્યું, પછી એ ના છુટકે ફ્રેંચ રિવોલ્યુશનનો ઇતિહાસ લઇને ચાલતી થઇ. પગથિયાં પાસે મધ્યાહ્ન જાણે એની પ્રતીક્ષા કરતો ઊભો હતો! 'તમને વાંધો ન હોય તો થોડી વાર આપણે કોફી શોપમાં બેસીશું? મને ખબર છે કે આજે તમે રિસેસની મર્યાદા લઇને નથી આવ્યાં. કોલેજમાં આજે હાફ-ડે-હોલિડે છે.'

'પણ કોફી શોપમાં...? ડોન્ટ વરી! હું તમારી સાથે રોમાન્સ કરવા માટે તમને નથી લઇ જતો, હું તો તમને સાહિત્યની ચર્ચા માટે લઇ જઇ રહ્યો છું. ઇફ યુ ડોન્ટ માઇન્ડ...' મધ્યાહ્ને એવી રીતે કહ્યું કે મિસરી ના ન પાડી શકી. એ મુલાકાત અડધાને બદલે અઢી

કલાક સુધી ચાલી. મિસરી માટે એ જિંદગીનો સર્વશ્રેષ્ઠ અનુભવ બની ગયો. મધ્યાહ્ન એને કોફીશોપમાં બેઠા-બેઠા જ પૂરા વિશ્વની સફરે ઉપાડી ગયો. મિસરી પોતે સાહિત્યની જબરદસ્ત વાચક હતી, એની જિંદગીનો એકમાત્ર શોખ જ આ હતો. પણ એણે કાન પકડી લીધા, 'મધ્યાહ્ન, તમે તો મને માત કરી નાખી. આટલું બધું વાંચવા માટેનો સમય તમે કયાંથી કાઢો છો?'

'સમય કાઢવો નથી પડતો, મિસરી, સમય મળી રહે છે. હું સ્પોર્ટ્સ ટીચર છું. રોજના પાંચ કલાક ટેનિસ, બેડમિનટન અને હોકીફૂટબોલના ખેલાડીઓ સાથે માથાપચ્ચી કરી લીધા પછી ઘરે આવીને હું રીલ્કે અને શેલીની દુનિયામાં ખોવાઇ જાઉં છું. અહીં હું એકલો જ રહું છું. મેં પાનના ગલ્લે ટોળાટપ્પાં મારવાનાં કે ટી.વી. સામે બેસી રહેવાના 'રજવાડી' શોખ પાળ્યા નથી. અત્યાર સુધી કુંવારો પણ એજ કારણસર રહ્યો છું. જીવનસાથી જો મારા રસ-રુચિ પ્રમાણેની ન મળે તો મારી જિંદગી નર્ક જેવી બની જાય.

એના કરતાં તો એકલા સારા!' મિસરી આ પુરૂષ ઉપર ઓળઘોળ થઇ ગઇ. હૃદયને પળવાર માટે થંભાવી દઇને પૂછી બેઠી, 'એક પ્રયત્ન કરવામાં શું જાય છે? શક્ય છે કે તમારી કક્ષાએ પહોંચી શકે એવી જીવનસંગિની મળી પણ જાયે.' મધ્યાહ્ન ચમકીને મિસરીની સામે જોઇ રહ્યો. પછી જોતો જ રહ્યો. સાહિત્યને વરેલી એક મુગ્ધા પોતાની આંખોમાં મહુડાનો પહેલી ધારનો દેશી દારૂ છલકાવતી એને લલચાવી રહી હતી અને એને સૂધ પણ ન રહી કે કયારે પોતે આ મિસરી નામની મધુશાલામાં ડૂબી ગયો!

-o-o-o-

## હાર્દિક અભિનંદન



**શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા**

હાલ કાંદિવલી

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ દ્વારા ૨૦૨૫ માં લેવાયેલી ધાર્મિક પરીક્ષા ધોરણ ૨૨ માં ૭૩ માર્કસ મેળવી સમગ્ર ભારતમાં પહેલું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આ પરિક્ષામાં ૩૨૨ ગાથા ના અર્થ અને વિવેચન મોઢે કરવાના હોય છે. અને ૬ ભગવાનના ચૈત્ય વંદન (૧૯ થી ૨૪ ભગવાનના), સ્તવન અને થોઇ કરવાના હોય છે.

**- પાના નં-૧૬ પરથી**

લગ્ન ના કરવાનાં પ્રણ સાથે સોનભદ્રની વિરુદ્ધ દિશામાં નર્મદા આગળ વધાવા લાગ્યાં અને આ જ કારણથી આપણે નર્મદાને હંમેશા બધી નદીઓથી વિપરીત દિશામાં વહેલા જોઇએ છીએ. બધી નદીઓ જયારે સીધી દિશામાં વહી બંગાળની ખાડીને મળે છે ત્યારે નર્મદા નદી વિપરીત દિશામાં વહી અને અરબ સાગરમાં ભળે છે.

આજે પણ નર્મદા નદી માં રેવા અથવા મા નર્મદા તરીકે પૂજાય છે. જેનાં પાણીમાં લોક કથાઓ અનુસાર સ્વયં માં ગંગા પણ કોઇ નિશ્ચિત નક્ષત્ર દરમિયાન સ્નાન કરવા આવે છે તેથી માં ગંગા કરતા પણ મા નર્મદાને વધુ પૂજનીય ગણવામાં આવે છે. આજે પણ જોહિલા નદીને એનાં કરેલાં કૃત્યને અપરાધી નદી માની અપૂજ ગણવામાં આવે છે તેથી તેની કોઇ પૂજા કરતું નથી.

આ રીતે પોતાને જેને મળવાનું અતિ મન હતું, જેની ખોજમાં માં નર્મદા નીકળ્યાં હતાં એ પોતાની બન્ને મંજિલને પામ્યાં તો ખરાં, પરંતુ અંતે મંજિલને પામ્યાનો એમને જરાપણ આનંદ ના થયો ઉલટું, એમનાં ક્રોધનું કારણ બન્યાં તેથી એમણે પોતાની તે મંજિલ જ છોડી અને તેનાથી વિરુદ્ધ દિશામાં મોઢું ફેરવી લઇ અને પોતાનાં રસ્તે ચાલી નીકળ્યાં.

સંસારમાં ઘણીવાર આપણી સાથે આવું થતું હોય છે. વર્ષોથી કોઇ ઝંખના સેવતા હોઇએ; એ પછી નોકરીની હોય કે ધંધાની, પ્રેમીની હોય કે પતિની, નામાના મેળવવાની હોય કે કોઇ પદની, કોઇ રસ્તુ હોય કે કોઇ વ્યક્તિ ઘણીવાર એ પામવા છતાં આપણને એ પામ્યાનો રતીભાર પણ હરખ થતો નથી હોતો! જયાં સુધી મંજિલ એક રહસ્ય બનીને રહે છે ત્યાં સુધી તે મંજિલ આપણાં માટે મહત્વની રહે છે, પરંતુ જેવું મંજિલે પહોંચીએ અને મંજિલમાં આખરે શું છે એ રહસ્ય ખૂલી જાય ત્યારે ઘણીવાર એ મંજિલ પરથી આપણું મન પાછું ફરી વળે છે જે કવિ શ્રી મનોજભાઈ ખંડેરીયાએ પોતાની પંક્તિ દ્વારા ખુબ સુંદર રીતે આપણને સમજાવ્યું છે.

ખરેખર, જોઇએ તો મજા મંજિલની નથી; મજા તો ફકત સફરની જ છે, કારણ મંજિલ મળે કે ના મળે, સફરમાં કડવા મીઠા અનુભવો તો આપણને મળે જ છે જે આપણું જીવન પરિવર્તિત કરી દે છે અને આપણને એટલી હદ સુધી ઉપર ઉઠાવી દે છે કે આપણે મા નર્મદાની જેમ પૂજનીય અને આદરણીય બની જઇએ છીએ.

**મજા આખરે સફરની છે મંજિલની નહીં,**
**ચાલતાં રહેવું અકબંધ રહસ્ય મહીં.**
**બને, મંજિલે પહોંચી પાછું વળવું પડે!**
**છોડીને તેને તે જહીં હોય નહીંની તહીં.**

-o-o-o-



Scanned with OKEN Scanner



# તપ ધર્મ એક માત્ર કર્મનિર્જરાર્થે

- શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી (રાજકોટ)

**પ્રસ્તાવના** - શરીર જયારે અસ્વસ્થ થાય ત્યારે ઔષધની આવશ્યકતા ઊભી થાય છે. તેવી જ રીતે આત્મા જયારે જડપ્રેમી બને, મોહ-માયા, કામ-ક્રોધ જેવા રોગોથી ઘેરાય ત્યારે તેને નાબુદ કરવા ઔષધિની ઉપયોગિતા ઊભી થાય છે. અનેક જ્ઞાની પુરૂષોએ આ દર્દો નિવારવા ભિન્ન ભિન્ન ઔષધિઓ આપી છે. એમાં જગતગુરૂ, પરમ તારક, કરૂણાસાગર, પરમ વૈધ ભગવાન મહાવીરની ઔષધિ રામબાણ નિવડી છે. આ સંજીવની શારીરિક, માનસિક અને આત્મક એ ત્રણપ્રકારના રોગો પર એવી અસર કરે છે કે માનવી દુઃખમય સંસારમાં રહેવા છતાં સુખ-શાંતિ-સમાધિ મેળવી શકે, એટલું જ નહિ યોગ્ય પથ્યપાલન સાથે ઓષધિનો ઉપયોગ કરે તો મોક્ષના અમૂલ્ય સુખો પણ મેળવી શકે. આ અદ્‌ભુત ઔષધિ, અમોઘ સંજીવની છે તપશ્ચર્યા

**તપશ્ચર્યા એટલે શું ?** તપનું મહાત્મય વેદથી માંડી ગીતા સુધી ગવાયું છે. અનેક ઋષિ-મુનિઓ જુદી જુદી રીતે તપશ્ચર્યા કરી છે. પરંતુ જૈન ધર્મની તપશ્ચર્યા બધાથી અલગ-અનોખી છે. કારણ તે જુદા જુદા પ્રકારની છે, વૈધિક અને વૈજ્ઞાનિક એરણ પર ખરી ઉતરી છે. બાળકથી માંડી વૃધ્ધો બધાં જ પોતપોતાની રીતે યોગ્યતાનુસાર તેનું આરાધન કરી શકે છે. એ જ તેની વિશિષ્ટતા છે.

જૈન ધર્મમાં મોક્ષના ચાર પાયા બતાવ્યા - સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર, સમ્યગ્ તપ. આ ચારે સમ્યગ્ પ્રકારે પાલન કરીએ તો મોક્ષ મંઝીલ મેળવી શકીએ. સંયમ દ્વારા આવતા નવા કર્મોને રોકી શકાય, પરંતુ આત્મા પર જયાં સુધી જુના કર્મો લાગેલા છે તે પણ નિર્જરી ન જાય ત્યાં સુધી મોક્ષ ન મળે. મોક્ષ એટલે આત્માની કર્મવિહીન અવસ્થા. આત્મા પર લાગેલા કર્મો દૂર થાય તથા નવા કર્મો ન આવે તો જ મોક્ષ મળે. લાગેલા કર્મોને દૂર કરવા તપ જરૂરી છે. ઊંચા પહાડોને દારૂગોળાથી તોડી શકાય તેમ કર્મરૂપી ભેખડોને ભેદવા તપ-ત્યાગરૂપી દારૂગોળો આવશ્યક છે.

ઇન્દ્રિય મનસા નિયમાનુષ્ઠાન તપઃ પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનને વશ કરવું અથવા ઇચ્છાઓનો વિરોધ કરવો તે તપ છે. આ કામ ખૂબ અઘરું છે. તેના માટે ભગીરથ પુરૂષાર્થ જરૂરી બને છે. એવું તપ જ આત્માની શુદ્ધિમાં વૃદ્ધિ કરી, કર્મોનો ક્ષય કરે છે.

**તપશ્ચર્યાના પ્રકાર :** જગતપિતા, કરૂણાનિધાન મહાવીરસ્વામીએ જુદા જુદા જીવોને અનુલક્ષીને તેમના દર્દ અનુસાર દવા આપી છે. આબાલવૃદ્ધ, તંદુરસ્ત, રોગી, જ્ઞાની, અજ્ઞાની દરેક જીવો તેનું પોતાની સમજણ અનુસાર પાલન કરી કર્મોથી મુક્ત બની શકે છે. કર્મક્ષય માટે બે પ્રકારના તપ છે. ૧) બાહ્ય તપ અને ૨) આભ્યંતર તપ અને તે બંનેના છ-છ પ્રકાર છે.

બાહ્ય તપ : ૧) અનશન - ઉપવાસ (જાવજીવ અથવા અમુક સમય સુધી આહારનો ત્યાગ)

૨) ઊણોદરી - ઇચ્છા તથા ભૂખ કરતાં થોડું ઓછું ખાઇને સંતોષ માનવો.

૩) રસપરિત્યાગ - સ્વાદ અને કૃત્રિમ રસ (વિગય) નો ભોજનમાં ત્યાગ કરવો.

૪) ભિક્ષાચારી - જુદા જુદા ઘરેથી, કોઇને દુઃખ ન લાગે તે રીતે માગીને-લઇને ખાવું.

૫) પ્રતિસંલીનતા - જરૂરિયાતથી વધારે ભોજન જ નહિ વસ્ત્ર, પૈસા, વસ્તુ ઓછી રાખવી, ઇચ્છાનિરોધ કરવો.

૬) કાયકલેશ - કાયાની પાસેથી વધુમાં વધુ કામ લઇ દેહરૂપી સાધનથી મોક્ષ મેળવળો.

**આભ્યંતર તપ :** ૧) પ્રાયશ્ચિત - લાગેલા દોષો અને કરેલા પાપોનું યોગ્ય રીતે પ્રાયશ્ચિત કરવું.

૨) વિનય - વિનય ધર્મનું મુળ છે. ગુરૂ-વડીલો વગેરેનો વિનય કરવો, નમ્રતાના ગુણને ખીલવવો.

૩) વૈયાવચ્ચ - કોઇપણ જાતના ભેદભાવ વિના જીવમાત્રની નિઃસ્વાર્થભાવે સેવા કરવી.

૪) સજન્ય - પોતાના દરેક કાર્યનું ચિંતન કરવું તથા સમ્યગ્ જ્ઞાન મેળવવું.

૫) ધ્યાન - એકાંતમાં સ્વાધ્યાયાનુસારી ધ્યાન ધરી આત્મા વિષે ચિંતન-મનન કરવું.

૬) કાઉસગ્ગ - દેહ અને આત્મા બંને ભિન્ન છે. આથી દેહની મમતા દૂર કરી, આત્માને જાણવો.

આ તપના પ્રકારો છે. દરેક વ્યક્તિ પોતાની શક્તિ અનુસાર તેનું આચરણ કરી શકે છે.

તપશ્ચર્યા કર્મોને ક્ષય કરવા માટે : મોક્ષના ચારેય પાયાનું મહત્તવ એકસરખું જ રહેલું છે તપ એ કર્મ ના કાળા ડિબાંગ વાદળોને વિખેરી નાખનાર વંટોળ છે. સંસારરૂપી અંધારી ખીણમાંથી સિધ્ધશીલાની જયોર્તિમય ભૂમિકા પર પહોંચાડનાર પગદંડી તે તપ છે. ધનનું દાન કરવું સહેલું છે પણ આહારસંજ્ઞાને જીતવી કપરી છે. આત્માનો મૂળ ગુણ અનાહાર છે પણ સંસારમાં રખડપટ્ટીને કારણે જીવ આ ગુણને પ્રગટાવી શકતો નથી, આહારને સહેલાઇથી છોડી શકતો નથી. સંસ્કૃત શ્લોકમાં તપનો મહિમા



Scanned with OKEN Scanner

ગાતા કહ્યું છે કે -

તપાંસિ નાન્યાદ દ્વિવિધાની નિત્યં, મુખે કટુન્યાયતિ સુન્દરાજિ।
નિઘ્નન્તિ તાન્યેવ કુકર્મરાશિ, રસાયનાનીય ક્ષુરામયાન યતૂ।।

રસાયણો દ્રષ્ટ રોગોનો નાશ કરનારા છે માટે આરોગ્યપ્રાપ્તિનો ઇચ્છુક રસાયણોનું સેવન કરે છે. ભાવઆરોગ્યનો અભિલાષી આત્મા તપરૂપી રસાયણોનું સેવન કરે છે, કારણકે કુકર્મોની રાશિઓના ભૂકા કરવાની તાકાત તપમાં છે. તેનાથી આત્મા વધૂ ઉજ્જવળ અને ક્રાંતિમય બને છે.

તપ એવી માંગલિક વસ્તુ છે કે ભગવાન મહાવીરે પણ સંચિત કર્મોને મારી હટાવવા ઉગ્ર તપ કરેલ. આ તપ દ્વારા અત્માના ગમે તેવા રોગોનો નાશ થઇ જાય છે. તપ ઉત્થાનનો સર્વોપરી માર્ગ છે. તપ કરવાથી આત્મા તીર્થંકર નામ ગોત્ર જેવું શ્રેષ્ઠ-સવોચ્ચ પદ પણ પામી શકે છે. ભગવાનનાં આત્મા એ નંદરામના ભવમાં૧૧ લાખ ૧ હજાર ઉપરાંત માસખમણ કરી તીર્થંકર નામ કર્મ બાંધ્યું.

વર્તમાને તપશ્ચર્યાનું સ્વરૂપ : ભગવાને તપધર્મ માત્ર કર્મનિર્જરાર્થે બતાવેલો છે પરંતુ વર્તમાને તપનો મૂળભૂત હેતુ અદ્રશ્ય થઇ ગયો હોય તેવું લાગે છે. વર્તમાને તપ વધુને વધુ નીચેના કારણોથી થતો દેખાય છે.

૧) તપશ્ચર્યા પહેલા જ પુરસ્કારની જાહેરાત જેના કારણે લેવડ-દેવડ માટે તપનું પ્રમાણ વધ્યું છે.

૨) અમુક દાતાઓ જે તપનું ખુબ જ બહુમાન કરે છે તે તપસ્વીઓને સારી સારી ભેટો આપે છે. આથી આવા દાતા જો તપ કરાવવાના હોય તો તેનાં ટોળાનાં ટોળા તપ કરવા ઉમટી પડે છે.

૩) તપ કર્યા પછી પોતાના વટ પાડવા પારણાંમાં અનેક પ્રકારના આરંભ-સમારંભ થાય છે તેને કારણે કર્મબંધન ઓછું કરવાને બદલે, ભોરકર્મી બનાય છે. રાત્રિભોજન હોટલોમાં ભોજ એવા કંઇ કેટલયે જાતના આરંભ-સમારંભ કરી પોતાની વાહ-વાહ કરવાનો પ્રયત્ન થાય છે.

૪) ઘણી વખત તપશ્ચર્યા કરી હોય ત્યારે સગાં-વ્હાલા શાતા પૂછવા ન આવે કે લેવડ-દેવડની રસમ ન કરે તો લોહીના સંબંધોમાં પણ તિરાડો પડી જાય છે. ઘણીવાર આજીવન સંબંધો તૂટે છે.

૫) ઘણીવાર પિતા, પતિ, ભાઈ જેવા નજીકના સગાઓ પાસે તપશ્ચર્યા કરે તેના બદલામાં અમુક પ્રકારની ભેટસોગાદ માગવામાં આવે છે. ન લઇ દેવાય તો ત્રાગા કરીને પણ પેલાની વાત પૂરી કરાવે છે. આમ વર્તમાને તપ કરવા પાછળના કારણો સાવ બદલાઇ ગયા છે. જેનાથી તપનું મહત્ત્વ ઘટયું છે.

**પસંહાર : તપ માત્ર કર્મનિર્જરાર્થે :** ભગવાન દશવૈકાલિક સૂત્રનાં ૯મા અધ્યયનમાં ફરમાવે છે કે - નો ઇહલોગઠ્ઠયાણ તવં મહિટ્ઠિબ્બા, નો પરલોગઠ્ઠયાણ તવમહિટ્ઠિબ્બા।

નો કિતિસ્યણણ સહિસલોગઠ્યાણ, તવ મહિટ્ઠિબ્બા નન્નત્થ નિબ્બરઠ્ઠયાણ।।

(ત્રીજી તપસમાધિ ચાર પ્રકારે હોય છે.) મનુષ્યલોકના સુખ તથા લબ્ધ પામવાને માટે દેવલોકના સુખ પામવા માટે, કીર્તિ - પ્રખ્યાતિ વધારવા, વર્ણ માટે શ્રધ્ધા-યશ આદિ પ્રાપ્ત કરવા માટે તપ કરવો નહિ પણ એકાંત નિર્જરા, આઠ કર્મોનો ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરવા માટે તપ કરવો.

ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, ઇચ્છાઓને રોકવી, વિષયના આવેશોને અટકાવવા એ જ સાચો તપ છે. આવી સમજણ સાથેની ત્યાગ ભાવના જ કર્મોનો ક્ષય કરી શકે છે. બાકી ભગવાને કહ્યું છે કે - 'જમાં તપ કરવા છતાં વિષયવૃત્તિઓનું ખેંચાણ, કષાયનો આવેશ અને આહારાદિ ઇન્દ્રિયોની લોલુપતા હોય ત્યાં જૈન શાસન તેને તપ નહિ લાંઘણરૂપ કહે છે.'

ભગવાને જે બાર પ્રકારના તપ બતાવ્યા છે તે એક એક તપની પાછળ કેટલી શક્તિ રહેલી છે તે તેને વિસ્તૃત સમજીએ ત્યારે જ ખ્યાલ આવે. ઉપવાસ, એકાસણા ન થઇ શકતા હોય તો ખાતા-પીતા પણ કંઇ મુશ્કેલી ન પડે અને કર્મોના ઢગલા ધરાશાયી થઇ જાય એવા તપ ભગવાને બતાવ્યા છે. સાચા ભાવ થી માત્ર નવકારશી કરીએ તો પણ કર્મોની મહાન નિર્જરા થઇ શકે છે, જયારે સાંસારિક સુખની ઇચ્છાથી, લાલચથી, લેવડ-દેવડ માટે કરેલ માસખમણ પણ અર્થહીન છે.

યાદ કરીએ એ ટુરગડુ મુનિને કે તપશ્ચર્યા થતી ન હોવા છતાં ઉચ્ચ ભાવના, તપ ન થઇ શકવાની લાચારી અને સાચા પશ્ચાતાપને કારણે ખાતાં-ખાતાં પણ કેવળજ્ઞાન પામી ગયા. જયારે તેના જ સંઘાડાના માસખમણને પારણે માસખમણ વાળા તપસ્વીઓ માન અને દુર્ગંછાને કારણે રહી ગયા. એક દિવસમાં ૭-૭ જણની હત્યા કરતા અજુનભાળીને જયારે સાચી પરિસ્થિતિનું ભાન થયું ત્યારે પશ્ચાતાપની પાવક જવાળામાં પાવન બની, છઠ્ઠનાં પારણે છઠ્ઠ કરી, છ માસમાં સિધ્ધ-બુધ્ધ મુક્ત બન્યા.

આવા તો કેટલાયે દૃષ્ટાંતો શાસ્રોના પાને-પાને સુવર્ણાક્ષરે લખાયેલા છે. કર્મોની જંજીરો તોડવા શ્રેણિકની કાલી આદિ ૧૦ રાણીઓએ કેવો ઘોર તપ કર્યો. અનુત્તરોવવાઇ સૂત્ર તરફ દૃષ્ટિ કરીએ તો ધન્ના અણગાર, જાલી અણગાર વગેરેએ એવા તપ કર્યા કે શરીરને સૂટું ભઠુ કરી કર્મોને પણ બાળી નાખ્યા. દ્વારકાને બાળવાની પ્રતિજ્ઞા લેનાર દ્વિપાંયન ઋષિ મરીને દેવ થયા પણ જયાં સુધી દ્વારકામાં એક પણ તપ હતું ત્યાં સુધી તે દ્વારકાનો વાળ વાંકો કરી ન શક્યા. તપ બંધ થયું પછી જ બાળી શકયા. આમ ટૂંકમાં જોઇએ તો તપમાં અજોડ-અમોઘ શક્તિ રહેલી છે.

ઇન્દ્રિયોના ઘોડા બેફામ દોડતા હોય ત્યારે નાથવાની શક્તિ તપમાં છે. તેનાથી ભયંકર રોગો પણ નાબુદ થઇ જાય છે. ઇન્દ્રિયો અને મનનાં વિજેતા બનાય છે. તપ એ મહાન સંજીવની રહેલી છે. તપ એ માત્ર વિશુદ્ધિનો જ માર્ગ નથી પરંતુ સિદ્ધિનો પણ રાજમાર્ગ છે. તપ કરવાથી શરીર કૃશ થાય છે પરંતુ ભાવથી આત્મા પુષ્ટ



Scanned with OKEN Scanner

બને છે. તપ એ તો ક્રોડો ભવોના સંચિત કર્મોની નિર્જરા કરનાર રામબાણ ઔષધિ છે, પરંતુ તપની પાછળ ત્યાગની ભાવના પણ એટલી જ જરૂરી છે. ત્યાગની અને કર્મનિર્જરાની ભાવના વગરનો તપ એકડા વગરના મીંડા જેવો છે. વળી તપ કરતી વખતે સાચી સમજણ પણ જરૂરી છે.

આમ તપ એ માત્ર કર્મનિર્જરાર્થે જ કરવો જોઇએ. એ જ ભગવાનની આજ્ઞા છે. જેમ પાણીથી શરીરની મલિનતા દૂર થાય છે, સાબુથી વસ્ત્રની શુદ્ધિ થાય છે અને પ્રકાશ થી અંધકાર દૂર થાય છે તેમ શુદ્ધ ભાવ સાથે કરેલ તપથી દુષ્કર્મરૂપી મળની શુદ્ધિ થાય છે. તપથી સંચિત ક્રોડો કર્મો છિન્ન-ભિન્ન થઇ જાય છે. આત્મા પરમાત્મા બને છે. માટે જ તપ હંમેશા કર્મનિર્જરાર્થે જ કરવો.

જય જિનેન્દ્ર

ઉત્તરાધ્યયન સૂત્રનાં ૨૬માં અધ્યયનમાં ૩૫મી ગાથામાં તપ કરવાના છ કારણ બતાવ્યા છે. તે આપણે થોડું સમજીએ તો,

૧) અતિંક અથવા રોગથી બચવા - આનાથી મુનિને જયારે રોગ થયો ત્યારે તેમણે એવો નિશ્ચય કર્યો કે મારા પ્રાણ પ્યારા કુટુંબીઓ પણ મને આ રોગથી બચાવી શકતા નથી તો મારે જો રોગની પીડા શાંત થઇ જાય તો સંયમ અંગીકાર કરવો અને ખરેખર તેમ થયું પણ કરું.

૨) સુદર્શન શ્રાવક પ્રભુ વીરના દર્શન કરવા જતાં હતાં ત્યારે અર્જુનમાળી તેને મારવા આવ્યો. સુદર્શન શેઠે મરણાંત ઉપસર્ગ આવ્યો જાણી સાગારી સંથારો કર્યો. તપના પ્રભાવથી વ્યંતર અર્જુનમાળીના શરીરમાંથી નીકળી ગયો અને સુદર્શન શેઠ પણ બચી ગયા.

૩) બ્રહ્મચર્ય રક્ષા - દ્રૌપદીએ બ્રહ્મચર્ય રક્ષા માટે તપ કર્યો. આયંબિલના પારણે આયંબિલ અને તેના પ્રભાવથી બધુ સારું થયું.

૪) પ્રાણીદયા - બળદેવ ખૂબ દેખાવડા હતા. તેમને જોઇ યુવતીઓ ગાંડીતૂર થતી. એકવાર પનિહારી પાણી ભરતી હતી બળદેવ પસાર થતાં તેને જોતાં જોતાં પોતાના બાળકનાં ગળામાં દોરડું નાખી દીધુ. આ જોઇ બળદેવે વસ્તીમાં ન રહેવાની પ્રતિજ્ઞા કરી.

૫) તપ માટે - નંદન રાર્જષિએ માસખમણના પારણે માસખમણ કર્યા પરિણામ સ્વરૂપ તીર્થંકર નામગોત્રનો બંધ થયો.

૬) શરીરવિચ્છેદ - અરણિકમુનિએ દીક્ષા લઇ વેશ્યાના ઘરે રહ્યા. માનો પોકાર સાંભળી તેને મળ્યા. દીક્ષામાં દોષ લગાડયાનો પશ્ચાતાપ થતાં પાદોગમન સંથારો લઇ, દેહત્યાગ કરી, સિધ્ધ થયા.

આત્મરૂપ તળાવડીમાં કર્મરૂપી જળ આવે તેને સંવર દ્વારા રોકવું, નિર્જરા દ્વારા સૂકવવું, આશ્રવ દ્વારા કર્મો આવે તેને રોકવા, નિર્જરા કરવી અને આ રીતે આત્માને કર્મમુક્ત કરવો. જીવ પર અજીવ,પાપ-પુણ્ય, આશ્રવ દ્વ ારા કર્મ બંધાય. સંવર દ્વારા રોકવા અને નિર્જરા દ્વારા કર્મને આત્માથી મુકત કરી મોક્ષ મેળવવો.

## ચૈત્ય પરિપાટી
## અણમોલ અવસર અલબેલો !

શ્રી આદીનાથાય નમઃ



ચાલો સૌ સ્નેહી સ્વજનો, આજે જિન ચૈત્ય જુહારીએ,
ને પ્રથમ જ ચૈત્ય પરિપાટી મહા આયોજને
સૌ 'એસ.વી.' ને હર્ષે વધાવીએ,
શ્રી માનસ મંદીર, શાહપુરે જયાં પ્રથમ જિનેશ્વર 'બીરાજે',
'ટીમ' કીરીટભાઈ આ શુભ અવસરે કરે સૌ નું સ્વાગત 'આજે',
ઉગ્ર તપસ્વી રત્નોનું કરી 'બહુમાન'
લાભાર્થી શ્રી ગોલકદાસ સંઘવી પરીવારનું
ચાલો સૌ કરીએ 'સન્માન',
ને અન્ય સૌ લાભાર્થી ઓનાં સુકૃત સહયોગે
મીલન આ થયું 'સાકાર',
નાની નાની યોજનાઓ ને આપ્યો,
સૌ દાતાઓ એ સુંદર 'સહકાર'
ભાદરવા વદ 'અમાસે' ભરાયો
એસ.વી. જૈન સમાજ, મુંબઈ નો
આ આનંદ ભર્યો 'મેલો',
સૌ ને રહેશે સદાયે યાદ,
આ અવસર અણમોલ 'અલબેલો'
અવસર અણમોલ અલબેલો !

**- શુભેચ્છક હિતેશ છબીલદાસ મહેતા**
**મલાડ, એસ.વી. જૈન સમાજ, મુંબઈ નાં જય જિનેન્દ્ર**



ચિંતનની પળે

# રિસ્ક લીધા સિવાય તારી પાસે બીજી કોઇ ચોઇસ જ નથી

- કૃષ્ણકાંત ઉનડકટ

**આંખ આડા કાન છે બસ એટલે કહેવું નથી,**
**ક્યાંક બીજે ધ્યાન છે બસ એટલે કહેવું નથી,**
**હોઠ પર હમણાં સુધી જયાં માત્ર ફરમાઇશ હતી,**
**ત્યાં હવે ફરમાન છે બસ એટલે કહેવું નથી.**

**- બાબુલાલ ચાવડા**

જિંદગીમાં આપણે જે નિર્ણયો કરીએ છીએ એ તમામ નિર્ણયો આપણને ગમતા જ હોય એવું જરૂરી નથી. કયારેક આપણને ન ગમે એવા નિર્ણય પણ આપણે લેવા પડતા હોય છે. આપણે જ ઘણી વખત એવું બોલતા હોઇએ છીએ કે, મારી પાસે બીજો કોઇ છૂટકો જ નહોતો. જિંદગીમાં કયારેક ટુ બી ઓર નોટ ટુ બી જેવી સ્થિતિ પેદા થતી હોય છે. કરું કે ન કરું? આગળ વધુ કે ન વધુ? એવી અવઢવ હોય તો હજુયે કોઇની સલાહ લઇ શકાય કે બીજો કોઇ રસ્તો અપનાવી શકાય. કોઇ વિકલ્પ જ ન હોય ત્યારે માણસે હા પાડવી પડતી હોય છે. આપણા બધાની સાથે કયારેક એવું થયું હોય છે કે, આપણને પસંદ ન હોય એવો રસ્તો લેવો પડે. સમય જતા એવું લાગે કે, જે થયું હતું એ સારું હતું. જિંદગીમાં જે કંઇ બને છે એ દરેક ઘટના પાછળ કોઇ સંકેત હોય છે. દરેક સંકેત સ્પષ્ટ રીતે વર્તાતા કે સમજાતા નથી. ઘણા નિર્ણયો સમય આવ્યે સમજાતા હોય છે.

દરેક માણસની જિંદગી એક રહસ્ય હોય છે. રહસ્યનાં પડો ધીમે ધીમે ઊખડે છે. આપણે ધાર્યું ન હોય એવું થતું રહે છે. જરાક શાંતિથી વિચારજો, તમે આજે છો એ સ્થળે પહોંચવાનું તમે કયારેય ધાર્યું હતું? એક યુવાનની આ વાત છે. એક વખત આ યુવાન એક સંત પાસે ગયો. સંતને તેણે કહ્યું કે, હું એક સામાન્ય પરિવારમાંથી આવું છું. મારાં થોડાંક સપનાં છે. એક સરસ મજાની જોબ હોય, નાનકડું ઘર હોય, પ્રેમ કરે એવી પત્ની હોય, બાળકો હોય અને સરસ મજાની જિંદગી હોય. હું ભગવાનને પ્રાર્થના કરૂં છું ત્યારે એટલું જ માંગું છું. આ વાત સાંભળીને સંતે કહ્યું, તું ભગવાનને પ્રાર્થના કર પણ કંઇ માંગ નહીં. યુવાને પૂછ્યું, કેમ એવું? સંતે કહ્યું, તું ભગવાને કદાચ તારી ઇચ્છાથી વધુ આપવાનું પણ નક્કી કર્યું હોય! તું શા માટે તારી લિમિટ બાંધી લે છે? ઉપરવાળા પર છોડી દે! આમેય આપણે ઘણી વખત ઘણું બધું ઉપરવાળા પર છોડવું પડતું હોય છે. આપણે જ કહીએ છીએ કે હવે તો જે થાય એ ઇશ્વરની મરજી. માણસનું કર્તવ્ય એટલું જ છે કે, એ જે કરતો હોય એ પ્રામાણિકતાથી કરતો રહે. જે મળવાનું છે એ મળવાનું જ છે જે નથી મળવાનું, એના માટે ગમે તેટલાં ફાંફાં મારીએ તો પણ કંઇ મેળ પડવાનો નથી. કુદરત પાસે પણ કયારેય જીદ કરવી ન જોઇએ.

ખાસ તો કોઇ ચોઇસ ન હોય ત્યારે જે હોય તેને હસતા મોઢે સ્વીકારી લેવું એ જ સમજદારી છે. એક યુવાન હતો. તે જોબ કરતો હતો. સારી જોબ હતી. બધું સારું થતું હતું. અચાનક સમય પલટાયો. જે કંપનીમાં એ નોકરી કરતો હતો એ કંપનીએ એ શહેરનું યુનિટ બંધ કરવાનું નક્કી કર્યું. એ યુવાનને બોલાવીને કહ્યું કે, તારી પાસે બે વિકલ્પ છે. એક તો તમને નોકરીમાંથી છૂટા કરીએ અને બીજું જો તમારી ઇચ્છા હોય તો બીજા શહેરમાં જયાં આપણું યુનિટ છે ત્યાં તમને ટ્રાન્સફર કરીએ. એ યુવાનને પોતાનું શહેર ખૂબ ગમતું હતું. શહેર છોડવાનો કયારેય વિચાર જ કર્યો નહોતો. તેણે પોતાના એક વડીલનું માર્ગદર્શન માંગ્યું. વડીલે કહ્યું કે, તને અત્યારે આ શહેરમાં બીજી જોબ મળે એમ છે? યુવાને કહ્યું, હું જે કામ કરું છું એના માટે આ શહેરમાં બીજો કોઇ સ્કોપ જ નથી. એ પછી વડીલે કહ્યું કે, તો પછી તારી પાસે રિસ્ક લીધા સિવાય બીજી કોઇ ચોઇસ જ નથી. નોકરી છોડવાની ચોઇસ છે, પણ એવું કર્યા પછી તું કરીશ શું? ચોઇસ પણ એવી પસંદ કરવી જોઇએ જેના કોઇ અફસોસ ન થાય. જિંદગી કયારેક આપણને એવા રસ્તે લાવીને ઊભી રહી જતી હોય છે જયાંથી આપણે આગળ વધવું પડતું હોય છે. બનવા જોગ છે કે, કંઇક સારું થવાનું હશે. આપણી પાસે ઘણી વખત લાંબો વિચાર કરવાનો પણ સમય હોતો નથી. અમુક વખતે વિચાર નહીં, નિર્ણય જ કરવો પડતો હોય છે. જે સામે હોય એને સ્વીકારવું પડતું હોય છે.

એક ડોકટરની આ વાત છે.તેને પત્ની સાથે ઘણા બધા ઇશ્યૂ હતા. રોજેરોજ ઝઘડા થતા હતા. તે નક્કી કરી શકતાં નહોતાં કે,

હવે આગળ શું કરવું ? એક દિવસ એ પોતાના ક્લિનિક માં દર્દીઓને તપાસતા હતા. એક દર્દી આવ્યો. તેના રિપોર્ટ જોયા. તેની સ્થિતિ વિચિત્ર હતી. સર્જરી કરવી પડે એમ હતી. ડોકટરે કહ્યું. આપણે મેડિસિન્સથી ટ્રાય કરી જોઇએ, જો દવાથી સારું નહીં થાય તો સર્જરી કરવી પડશે. આ વાત સાંભળીને દર્દીએ કહ્યું, ડોકટર, દવાની અસરની રાહ નથી જોવી, તમે સર્જરી જ કરી નાખો. એ દર્દી પછી બોલ્યો કે, જિંદગીમાં કયારેક સર્જરી જ ફાઇનલ ઇલાજ હોય છે. એ જ વખતે ડોકટરને વિચાર આવ્યો કે મારી જિંદગીમાં પણ મેં દવાની અસરની જેમ ઘણી રાહ જોઇ, હવે સર્જરી સિવાય કોઇ ચોઇસ નથી. આખરે તેણે ડિવોર્સનો નિર્ણય લીધો. જિંદગીની ઘણી વેદનાઓથી મુક્તિ મેળવવા માટે પણ સર્જરી કરવી પડતી હોય છે. આપણને વહાલું હોય એનાથી પણ મુક્ત મેળવવી પડે છે.

એક છોકરીની આ વાત છે. તેને એક છોકરા સાથે પ્રેમ હતો. એ પોતાના પ્રેમીને ખૂબ ચાહતી હતી. તેને પછી ખબર પડી કે, તે જેને પ્રેમ કરે છે એ છોકરો તો ફ્રોડ છે. તે મારી સાથે બનાવટ કરે છે. એ છોકરીને તેની ફ્રેન્ડે કહ્યું, તું એને પ્રેમ કરે છે, પણ એ તને પ્રેમે કરે છે ખરો ? એ તો તને છેતરે છે. પ્રેમ એને કરવાનો હોય જે આપણને પ્રેમ કરતા હોય. પ્રેમ અને વહેમનો ભેદ સમજવો પડતો હોય છે. જેને આ ભેદ નથી સમજાતો એ મૂરખ સાબિત થતા હોય છે. માણસ સૌથી વધુ લાગણીમાં મૂરખ બનતા હોય છે. લાગણીને પણ ટકોરા મારીને ચેક કરવી પડે એવો અત્યારનો સમય છે. કોઇ લાગણી બોદી તો બોલતી નથીને ? બોદી બોલતી લાગણીઓ ગમે ત્યારે બદલાઇ જતી હોય છે. આપણે પછી કહેતા હોઇએ છીએ કે, મને તો કલ્પના પણ નહોતી કે એ વ્યક્તિ આવું પણ કરી શકે. કોઇ કેવું કરી શકે, કયાં સુધી નીચે જઇ શકે, કેટલા હલકા થઇ શકે એ ખબર હોતી નથી. બધા એવા હોતા નથી. ઘણા સારા હોય છે. ખરાબ લોકોને ઓળખવા કરતા સારા લોકોને ઓળખવા વધુ અઘરા હોય છે. એનું કારણ એ હોય છે કે, સારા લોકો સારા જ હોય છે. એ સારા દેખાવવા કોઇ નાટક કરતા હોતા નથી. જે લોકો સારા નથી એ સારા દેખાવવાના નાટક કરતા હોય છે. એ નાટક ઘણી વખત સમજાતાં નથી. માણસ એ નાટકમાં છેતરાઇ જાય છે.

અમુક સમયે આપણી પાસે કોઇ ચોઇસ હોતી નથી એ વાત સાચી, પણ જિંદગી આપણને બાદમાં ચોઇસ તો આપતી જ હોય છે. ચોઇસ ન હોય ત્યારે તો આપણે જે હોય એનો સ્વીકાર કરવો જ પડતો હોય છે, પણ જયારે ચોઇસ એક કરતાં વધુ હોય ત્યારે વધુ સાવધાની વર્તવાની હોય છે. ખોટી ચોઇસ ઘણી વખત જિંદગી બરબાદ કરી દેતી હોય છે. માણસની પસંદગી જ મોટે ભાગે માણસની જિંદગી ઘડતી હોય છે. પસંદગીમાં જે થાપ ખાય છે એ પસ્તાતો હોય છે. આપણે ઘણાના મોઢે એવું સાંભળતા હોઇએ છીએ કે, એણે એ ચોઇસ કરીને ભૂલ કરી. મારી પાસે બીજા વિકલ્પો હતો. ખોટી પસંદગી થઇ જાય તો પણ ઘણી વખત તેનાથી મુક્તિ મેળવવાનો માર્ગ હોય છે. એ શોધવો પડે છે. ભૂલ સુધરી શકતી હોય છે. ખોટો રસ્તો પકડાઇ ગયો છે એની ખબર પડે પછી બેસ્ટ વિકલ્પ એ જ હોય છે કે, વહેલી તકે યુ ટર્ન લઇ લઇએ. જો ખોટા રસ્તે આગળ જ ચાલતા રહીએ તો કયારેય મંજિલે પહોંચવાના જ નથી. ખોટા રસ્તે જેટલા આગળ જશું તેટલું જ પાછા ફરવું મશ્કેલ બનતું હોય છે. જિંદગીમાં સમયે સમયે આપણે આપણી ચોઇસ અને આપણા રસ્તાનું મૂલ્યાંકન કરવું પડતું હોય છે. ચેક કરવું પડે છે કે, આપણે જિંદગીના રાઇટ ટ્રેક પર તો છીએ ને ?

છેલ્લો સીનઃ

નિર્ણય લેતા ડરવું જાઇએ. નિર્ણય કાં તો સાચો પડશે, કાં તો ખોટો. કોઇ નિર્ણય જ ન કરવો એ સૌથી મોટી ભૂલ હોય છે. ટીંગાડી રાખવાની વૃત્તિ તકરાર જ પેદા કરે છે.

-કેયુ. (સૌજન્યઃ સંદેશ)

## સુવિચાર

ઉદય કોઇનો પણ અચાનક નથી થતો
સૂર્ય પણ ધીરે ધીરે નીકળે છે અને ઉપરની તરફ ઉઠે છે.

-૦-૦-૦-

કોઇનું સારૂ થાય એ માટે ભોગ આપવો
એ છપ્પન ભોગ કરતા મહત્વનો ભોગ છે.

-૦-૦-૦-

જીતવાની મજા ત્યારે જ આવે છે
જયારે દરેક તમારા હારવાની રાહ જોઇ રહ્યા હોય...

## NEW ADDRESS

**Girish Shantilal Koradia**
Flat No. 1703, Marathon Eminence,
Siddharth Nagar, D.G. Road, Old Mulund,
Mulund (West), Mumbai - 400 080.
Mob.: 98199 38559

-0-0-0-0-0-

**Pratap Jaichand Vasa**
Om Rishikesh CHS Ltd., Flat No. 36, 3rd Floor,
Opp. Veg. Treat Restaurant,
Haridas Nagar, Shimpoli Road,
Borivali (West), Mumbai - 400 092.
Mo.: 93210 12233

-0-0-0-0-0-

**Shri Nikunjbhai Vireshbhai Thakkar**
B-506, Yogi Ratna CHSL., Yogi Nagar,
Borivali (West), Mumbai - 400 091.



Scanned with OKEN Scanner

# જો દિખતા હૈ વો અપના નહીં...
# અપના હૈ વો દિખતા નહીં...

**- અજ્ઞાત**

હોસ્પિટલના સ્પેશ્યલ રૂમમા એક વૃદ્ધ દંપતી છે. તેમા પત્ની ને અસાધ્ય બીમારીને કારણે દાખલ કરેલ છે. અને એ વૃદ્ધ વડીલ પોતાની વૃદ્ધ પત્નીની સેવા કરતી નર્સ સાથે વાત કરી રહ્યા હતા.

પત્ની જાગૃત અવસ્થામાં જયારે જયારે વાતો કરે છે ત્યારે અચૂક પૂછે છે 'દીકરી-જમાઇ વિદેશ થી આવી ગયા' વૃદ્ધ પત્ની ને જવાબ શું આપવો ??? નર્સ પૂછે છે દાદાજી, માજી ઘણા વખત થી દીકરી જમાઇ ને યાદ કરે છે તો તમે તેમને જાણ કરી કે નહીં???

હા બેટા ચશ્મા ના ગ્લાસ સાફ કરતા વડીલે નર્સ ને કીધું બેસ બેટા... દીકરી જમાઇ ને જાણ તો કરી છે પણ તેમની પાસે સમય કે રજા નથી, કહે છે રૂપિયાની જરૂર હોય તો કહો, જીંદગી માં ઘણી વખત વડીલો પણ ભૂલ કરતા હોય છે.

તેમની નજર પણ વ્યક્તિ ને (આપણાં પોતાના ને પણ) ઓળખવામાં ભૂલ કરી દે છે, આવી ભૂલ અમે કરેલ છે. અમારે એક દીકરી અને એક દીકરો છે.

દીકરા ને ઉચ્ચ ભણતર આપી અને તે સારી રીતે સેટ પણ થઇ ગયો. દીકરો માયાળુ છે તેને પત્ની પણ સમજુ મળેલ છે. દિલ્હી મા રહે છે. લગ્ન પછી બાળક થયું. પુત્રએ વિનંતી કરે કે મમ્મી પપ્પા તમે થોડો વખત દિલ્હી અમારી સાથે રહો, તો અમારું સંતાન સચવાય અને અમે બંને શાંતિથી નોકરી કરી શકીયે. અમે સિફતપૂર્વક ના પાડી દીધી. તેમણે પણ મન મનાવી પોતાની રીતે વ્યવસ્થા કરી લીધી.

આજે તો તેમનું સંતાન ૧૫ વર્ષ નું છે પણ દીકરા વહુનો રોજ રાત્રે ફોન ખબર પૂછવા નો આવે જ. વર્ષ મા બે વખત અમને મળી પણ જાય તે તેમની ફરજ ભૂલ્યા નથી. છેલ્લા ફોન વખતે તેમને અમારા અવાજમાં કાંઇ મુશ્કેલી હોય તેવું લાગ્યું. અમને વગર જાણ કરે સવારની ફલાઇટ પકડી મારો પુત્ર પરિવાર સાથે ઘરે આવી ગયો ૨૦ દિવસ થી અમારી સેવા રાત દિવસ કરી રહ્યા છે. રજા પુરી થઇ ગઇ હવે શું કરું? તેવા ફાલતુ સવાલ કદી કરતા નથી અને રૂપિયા અમને ચુકવવા પણ દેતા નથી! આજે મને એ વાતનું દુઃખ થાય છે જયારે મારા પુત્રને અમારી જરૂર હતી તેના બાળક સાચવવા માટે ત્યારે અમે સિફતથી ના પાડી દીધી હતી. પણ દીકરી જમાઇ ને ત્યાં પુત્ર જન્મ પછી અમને ત્યાં તેમના બાળક સાચવવા બોલાવ્યા. અગવડ સગવડ ભોગવી બે વર્ષ ત્યાં રહ્યા. એક આયા કામ કરે તેવું કામ મારી પત્ની એ કર્યું અને આજે તેના માઁ યાદ કરે છે ત્યારે દીકરી-જમાઇ ને રજા મળતી નથી, સમય નથી મળતો તેવા બહાના બતાવે છે. હા અમે નિવૃત અને નવરા હતા કે તમારે ત્યાં બે વર્ષ કાઢ્યા.

નર્સ (સિસ્ટર) એક ધ્યાનથી વાત સાંભળતી હતી, રૂમ ધીરેથી ખુલ્યો રૂમની અંદર દીકરા વહુ બપોરનું ટિફિન લઇને અંદર આવ્યા અને માજીનું જાગવું. ફરી થી એજ સવાલ 'દીકરી-જમાઇ આવી ગયા?' હવે વૃદ્ધ પતિ થી રહેવાયું નહીં. તેની પત્ની ના માથે હાથ ફેરવી ને કહે છે, અરે ગાંડી જો તો ખરી તારી બાજુમાં કુળદીપક અને કુળવધુ ઊભા છે, ભૂલી જા એ વ્હાલ ના દરિયાને એ સ્વાર્થનું ફક્ત વમળ હતું, વાસ્તવિકતા આપણી સામે ઊભી છે. આપણી ભૂલ હતી, આપણે વહેતું મીઠું ઝરણું છોડીને ખારા દરિયા પાસે તરસ છિપાવવા દોડયા હતા. ઘરના દિપક માં તેલ પુરવા ને બદલે બીજે તેલ પુરવા દોડતા હતા.

ઘરડા પિતાનો ઘણા વર્ષો પછી 'પુત્ર અને કુળવધુ' ઉપર પ્રેમથી હાથ ફરતો જોઇ પથારી માં સુઇ રહેલ માઁ પણ બેઠી થઇ. દીકરા-વહુને બાજુમાં બોલાવી માથે હાથ ફેરવ્યો અને બોલી ઘણી વખત દીકરા વહુ ને સમજવામાં વડીલો પણ ભૂલ કરે છે. અમે બન્ને તેઓમાંના એક છે. પણ અમને બન્નેને આનંદ છે તમે બન્નેએ તમારી ફરજ વગર સ્વાર્થ કે અપેક્ષા વગર નિભાવી છે. પ્રભુ તમારી ઇચ્છાઓ પૂરી કરે. એક હોસ્પીટલ ના સ્પેશ્યલ રૂમ નું અદ્‌ભૂત દ્રશ્ય એકસાથે નર્સ, વૃદ્ધ માઁ-બાપ, દીકરો અને વહુ સાથે રડતા હોય. વૃદ્ધ બાપ ની આંખ માં પ્રાયશ્ચિત ના આંસુ સાથે કહે છે મારી વહુ જ મારી દિકરી છે. મારો પુત્ર જ અમારા ઘડપણ ની લાકડી છે.

પુત્ર ધીરેથી પપ્પાને ભેટીને કાનમાં બોલ્યો 'હેપ્પી ફાધર્સ ડે' પપ્પા. અચાનક પપ્પાના મોબાઇલ ની રિંગ વાગી ના બેટા હવે આવવાની તકલીફ ન લેતી અમે ઘરને તાળું મારી દિકરા વહુ સાથે દિલ્હી જવાનો નિર્ણય લીધો છે. તું તારા સાસુ સસરા ની સેવા કર અમારી ચિંતા કરવા વાળા ભગવાને મોકલી દીધા છે. કહી પપ્પા એ મોબાઇલ કટ કર્યો. તારી બહેન નો ફોન હતો. મારી સામે જોઇ પપ્પા બોલ્યા.

મમ્મી સામે જોઇ પપ્પા બોલ્યા જોઇ લીધુ દીકરી અને વહુ, જમાઇ અને દીકરા વચ્ચેનો તફાવત, કારણ વગરના વેવલાવેડા કરવા નહીં. મમ્મી એ વહુ ને નજીક બોલાવી હાથ પકડી આંખમાં આસું સાથે બોલી 'જો દિખતા હે વો અપના નહીં, અપના હૈ વો દિખતા નહીં'



Scanned with OKEN Scanner

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજના ઝળહળતા સિતારોઓ

## ૧૦માં ધોરણમાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ


ચિ. વીર કેતન કોરડીયા
૯૯.૩૩ ટકા


ચિ. પ્રિયાંશ સચિન શેઠ
૯૮.૮૩ ટકા


ચિ. નમ્ર વિપુલ દોશી
૯૭.૮૦ ટકા


ચિ. નાવ્યા વૈભવ કોરડીયા
૯૭.૬૦ ટકા


ચિ. ધૃતિ અમીષ વસા
૯૫.૦૦ ટકા


ચિ. સ્વરા નીરવ ભીમાણી
૯૪.૨૦ ટકા


ચિ. યુગમ સિદ્ધાર્થ ભણશાલી
૯૩.૮૩ ટકા


ચિ. માહી સૅહુલ રામાણી
૯૩.૮૦ ટકા


ચિ. જૈનમ બિમલ મહેતા
૯૨.૮૦ ટકા


ચિ. કરણ દિવ્યેશ વસા
૯૨.૬૦ ટકા


ચિ. સંયમ મેહુલ શાહ
૯૨.૬૦ ટકા


ચિ. વંશી અમીષ સંઘવી
૯૨.૩૩ ટકા


ચિ ધ્રુવીલ અખિલ પટવા
૮૯.૧૬ ટકા


ચિ. ધૈર્ય મનીષ શાહ
૮૮.૨૦ ટકા


ચિ. દેશના મિતુલ વસા
૮૭.૨૦ ટકા


ચિ. વિરાંશ હાર્દિક વોરા
૮૬ ટકા


ચિ. તનિશ મનીષ શાહ
૮૬ ટકા


ચિ. નિયતિ પરેશ મહેતા
૮૪.૪૦ ટકા


ચિ. હિત નિકેશ બખાઇ
૮૩.૮૩ ટકા


ચિ. શિખા ભાવિન પારેખ
૮૧.૨૦ ટકા

## ૧૦માં ધોરણમાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ


ચિ. ધ્યાન અમીષ વસા
૮૦.૪૦ ટકા


ચિ. હર્ષિલ નીરવ પારેખ
૭૯.૬૦ ટકા


ચિ. અનેરી હેમલ ભીમાણી
૭૮.૫૦ ટકા

## ૧ ૨ માં ધોરણમાં ઉર્ત્તીણ થયેલા વિદ્યાર્થીઓ



ચિ. તનય સુશીલ શાહ
૯૬.૮૩ ટકા


ચિ. સ્તુતિ મેહુલ શાહ
૯૬.૩૩ ટકા


ચિ. ધારા સંજય પારેખ
૯૬.૩૩ ટકા


ચિ. પરી હિતષે વોરા
૮૩.૬૭ ટકા


ચિ. જૈનમ કાર્તિક શેઠ
૮૧.૦૦ ટકા


ચિ. વિવાન મયુર વસા
૭૯.૧૭ ટકા


ચિ. કેવિન નિર્ભય મહેતા
૭૦ ટકા

## ગ્રેજ્યુએટ - પોસ્ટ ગ્રેજ્યુએટ


ચિ. નિહારીકા મનીષ મહેતા
લૉ ગ્રેજ્યુએટ
એસજીપીએ. ૭.૨૦ ગ્રેડ એ


ચિ. ખુશ ભદ્રેશ ખાખરા
૬૬.૫ ટકા
ફર્સ્ટ યર બી.એફ.એ.


ચિ. જેનીલ દીપક શાહ
બી.કોમ -
૮.૦૪ પોઇન્ટર


ડો.ફોરમ કેતન કોરડીયા
(એમ.ડી. પિડ્યાટ્રીક
૭૦ ટકા)


ચિ. પાર્થ અખિલ પટવા -
બી.ટેક ઇન આર્ટીફિશીયલ
ઇન્ટેલીજન્સ એન્ડ મશીન
લર્નીંગ એસજીપીએ.૮.૭૫



Scanned with OKEN Scanner

## સંસ્થા સમાચાર

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૧૦૦૦/- શ્રી કેતનભાઈ જશવંતલાલ કોરડીયા તરફથી તેમની સુપુત્રી ડો.ફોરમ એમ.ડી.પીડીયાટ્રીક્સ ૭૦ ટકા માર્ક્સ લાવવા બદલ

૧૦૦૦/- શ્રી કેતનભાઈ જશવંતલાલ કોરડીયા તરફથી તેમના સુપુત્ર ચિ.વીર કેતનભાઈ કોરડીયા ધોરણ ૧૦ માં (આઇ.સી.એસ.ઇ.) ઓવર ઓલ ૯૯.૩૩ ટકા માર્ક્સ સાથે સમગ્ર ભારતભરમાં ૩જા નંબરે આવવા બદલ

૫૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી તેમના ૮૮માં જન્મદિવસ નિમિતે ભેટ

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઈ

**અનાજ વિતરણ ખાતે**

રૂા. ૧૦૫૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

રૂા. ૫૦૦/- જય રમણીકલાલ સંઘવી તરફથી સ્વ. રમણીકલાલ ચંદુલાલ સંઘવીના આત્મશ્રેયાર્થે ભેટ

**અનાજ વિતરણ સહાયક કોર્પસ ખાતે**

રૂા. ૫૦૦૦૦/- માતુશ્રી રમીલાબેન પ્રાણલાલ પારેખ પરિવાર તરફથી સ્વ. રમીલાબેનના આત્મશ્રેયાર્થે ભેટ

**અનાજ વિતરણ તિથી માસિક યોજના ખાતે**

રૂા.૧૦૦૦૦૦/- શ્રીમતી પ્રિતીબેન અભયભાઈ પારેખ તરફથી ભેટ

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **008101000061080**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

## અવસાન નોંધ :

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

- જામકંડોરણા નિવાસી હરિલાલ ગિરધરલાલ મહેતા, જે સ્વ.નીલમબેન ના પતિ, જીજ્ઞેશભાઈ, મનીષભાઈ અને સોનલબેન ના પિતાજી, તા.૨૪-૬-૨૦૨૫ મીરારોડ મુકામે બપોરે ૧.૩૫ કલાકે અવસાન પામેલ છે.
- કુતિયાણા નિવાસી ઉર્વેશભાઈ ધીરજલાલ બખાઇ, ઘાટકોપર હાલ લંડન, તા.૧૯-૦૬-૨૦૨૫ લંડન મુકામે અવસાન પામેલ છે.
- કોલકી નિવાસી હાલ ઘાટકોપર સ્વ.શિવકુવર બેન ત્રિભુવનદાસ પાનાચંદ શાહ ના સુપુત્ર તે ઉષા બેન નાં પતિ જીતેંદ્ર ત્રિભુવનદાસ શાહ, ઉમર ૭૦ નું તા.૧૨-૦૬-૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે પાર્થ અને નિશિતનાં પિતા બિનેશ ના સસરા ઐઝલ ના નાના.
- ધોરાજી નિવાસી હાલ રાજકોટ શ્રી અનંતરાય વ્રજલાલ દોશી (ઉ.વ.૮૩) તે વસુમતિબેનના પતિ, રોજનભાઈ, પારૂલબેન ધીરેનકુમાર શેઠ અને રીનાબેન અમિતકુમાર વોરાના પિતાશ્રી, અલ્કાબેનના સસરા, રિદ્ધિ આકાશ કુમાર ના દાદાજી, હર્ષ, દિલન અને ધૈર્ય ના નાનાજી તે સ્વ.જયંતીલાલ માણેકચંદ વોરા ના જમાઇ શુક્રવાર તા.૧૩-૦૬-૨૦૨૫ ના અરિહંતશરણ પામેલ છે.
- ધોરાજી નિવાસી, હાલ ભાયંદર નિવાસી સ્વ.રમણિકલાલ ચંદુલાલ સંઘવી (ઉ.વ.૮૩) તા.૨૪-૦૬-૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે રંજનબેન રમણીકલાલ સંઘવીના પતિ મિકી, કિંજલ, જયના પિતા સૌરભકુમાર, અમિતકુમાર, હર્ષેદાના સસરા, ફલકના દાદા, જીનલ, ક્રિષા, શિખા, સિદ્ધના નાના
- સ્વ. રસિકલાલ અમૃતલાલ ઘોડા (શાહ) ની ધર્મપત્ની અને સ્વ.અમૃતલાલ રાજપાલ મહેતા ની દિકરી રંજનબેન રસિકલાલ ઘોડા (શાહ) તા.૨૭-૦૬-૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે.
- ઘંટીયા નિવાસી હાલ બોરીવલી સ્વ.ફુલચંદ વચ્છરાજ ભાયાણી ના સુપુત્ર સ્વ.હરસુખભાઈ ના ધર્મપત્ની જયશ્રીબેન રવિવાર તા.૨૯-૦૬-૨૦૨૫ ના રોજ નવકાર મંત્ર નું સ્મરણ કરતાં અરિહંત શરણ પામેલ છે. તે ધોરાજી નિવાસી સ્વ.ગુલાબચંદ મુલચંદ વ ોરાની દીકરી.
- કાંતાબેન (કાંતુબેન) પ્રમોદકુમાર (ઉ.વં.૭૨) તા.૦૧-૦૭-૨૦૨૫ ના રોજ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં (પુના મુકામે) શ્રી અરિહંત શરણ પામ્યા છે.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ – મુંબઈ દ્વારા આયોજિત અને ‘શેઠ ઝવેરચંદ જુઠાભાઈ વસા મેમોરીયલ ટ્રસ્ટ’, મુંબઈ દ્વારા પ્રાયોજિત ૧૦માં અને ૧૨માં ધોરણના મુંબઈના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ સ્કોલરશીપ યોજના:

માનનીય સભ્યશ્રી,

હર્ષ અને આનંદ સાથે જણાવવાનું કે આ વરસે ધોરણ ૧૦માં ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૮૫ ટકા કે તેનાથી વધુ ગુણાંક મેળવ્યા હોય તેવા પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓને દરેકને રૂપિયા ૧૧,૦૦૦/- ની વિશિષ્ટ સ્કોલરશીપ આપવામાં આવશે.

તેવીજ રીતે ધોરણ ૧૨માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૮૫ ટકા કે તેનાથી વધુ ગુણાંક મેળવ્યા હોય તેવા પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓને દરેકને રૂપિયા ૧૫,૦૦૦/- ની વિશિષ્ટ સ્કોલરશીપ આપવામાં આવશે.

ધોરણ ૧૦ તથઆ ૧૨ માં જેમને પણ ૮૫ ટકા થી ઉપર આવેલા છે તેઓએ એપ્લિકેશન ફોર્મ માટે શ્રી કિરીટભાઈ પ્રભુલાલ મહેતા. મો.૯૮૨૦૨૨૯૦૩૬ નો સંપર્ક સાધી એપ્લિકેશન ફોર્મ મેળવી લેવું અને બધી જ વિગતો ભરી પોતાની માર્કશીટ, નામ, એડ્રેસ, મોબાઇલ નંબર નીચેના એડ્રેસ ઉપર તારીખ: ૧૫-૦૮-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા નમ્ર વિનંતી છીએ.

**Kiritkumar P. Mehta -** 702, Himachal, Next to Saraswat Bank,
Opp. New India Staff Quarters, Juhu Lane, Andheri (West), Mumbai – 400 058.
**M.No.: 9820229036 • Email ID :** kpmehta55@gmail.com

ઉપરોક્ત યોજના પ્રાયોજિત કરવા બદલ સમાજ ‘શેઠ ઝવેરચંદ જુઠાભાઈ વસા મેમોરિયલ ટ્રસ્ટ, મુંબઈ’ નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

તા.ક.: નામ, એડ્રેસ અને મોબાઇલ નંબર વગરના ફોર્મ રદબાતલ ગણાશે.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ–મુંબઈ દ્વારા આયોજિત અને છત્રાસા નિવાસી હાલ ઘોટકોપર–મુંબઈ, શેઠ શ્રી હસમુખભાઈ રમણીકલાલ શેઠ પરિવાર દ્વારા આપણા સમાજના મુંબઇમાં રહેતા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અભ્યાસક્રમ, સ્નાતકો અને અનુસ્નાતકો તેમજ ધાર્મિક પરીક્ષા પુરસ્કાર યોજના નો સંપૂર્ણ લાભ એકજ પરિવારના સભ્યો દ્વારા લેવામાં આવ્યો છે.

માનનીય સભ્યશ્રી,

હર્ષ અને આનંદ સાથે જણાવવાનું કે આ વરસે બાકી બધા ધોરણ ના સ્કોલરશીપ ના ઇનામો માટે રૂપિયા ૮૧૦૦૦/- છત્રાસા નિવાસી. હાલ ઘોટકોપર મુંબઈ શેઠશ્રી હસમુખભાઈ રમણીકલાલ શેઠ પરિવાર તરફથી મળેલા છે.

ધોરણ ૧ થી ૯ : રૂપિયા ૨૭૦૦૦/- લાભાર્થી સ્વ.રમણીકલાલ લક્ષ્મીચંદ શેઠ

સ્નાતકો અને અનુસ્નાતકો: રૂપિયા ૩૬૦૦૦/- લાભાર્થી સ્વ. દિલીપભાઈ રમણીકલાલ લક્ષ્મીચંદ શેઠ

ધાર્મિક પરીક્ષા : રૂપિયા ૧૮૦૦૦/- સ્વ. હરકુંવરબેન સમણીકલાલ શેઠ તેમજ તેમની દીકરીઓ તરફથી.

ઉપરોકત યોજના માટે સહકાર આપવા બદલ સમાજ દાતા પરિવારનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે. ઉપર જણાવ્યા પ્રમાણે બાકી ધોરણમાં ઉતીર્ણ થયેલ હોય તેમજ સ્નાતકો અને અનુસ્નાતકો એ તેમણે પોતાની માર્કશીટ (નામ,એડ્રેસ, મોબાઇલ નંબર) તા.૧૫-૦૮-૨૦૨૫ સુધીમાં સમાજની ઓફિસે મોકલી આપવા નમ્ર વિનંતી છે.

વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માં જેમણે ધાર્મિક પરીક્ષા આપી હોય તેમણે પણ તેમના સર્ટિફિકેટ સંપૂર્ણ વિગતો (નામ,એડ્રેસ, મોબાઇલ નંબર) તા.૧૫-૦૮-૨૦૨૫ સુધીમાં સમાજની ઓફિસે મોકલી આપવા નમ્ર વિનંતી છે.

તા.ક.: નામ, એડ્રેસ અને મોબાઇલ નંબર વગરના ફોર્મ રદબાતલ ગણાશે.



Scanned with OKEN Scanner

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

## શ્રી આદિનાથાય નમઃ

પુણ્યશાળી વડીલો, ભાઈઓ તથા બહેનો

પ્રણામ, જય જિનેન્દ્ર

આ સાથે સહર્ષ જણાવવાનું કે શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા સૌ પ્રથમ વખત ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવ્યું છે.

**સ્થળઃ શ્રી માનસ મંદિર, શાહપુર. તા.૨૧/૯/૨૫ રવિવાર (ભાદરવા વદ અમાસ)**

**ચૈત્ય પરિપાટીના યાત્રા પ્રવાસમાં નીચે મુજબના લાભો આપવામાં આવશે**

૧) મુખ્ય લાભાર્થી-૧ નકરો : ૧,૦૮,૦૦૦/- (લાભાર્થી પરિવારના ફેમિલી ફોટો અથવા ૪ ફોટા સાથેનું બેનર)

૨) મુખ્ય લાભાર્થી-૨ નકરો : ૧,૦૮,૦૦૦/- (લાભાર્થી પરિવારના ફેમિલી ફોટો અથવા ૪ ફોટા સાથેનું બેનર)

૩) આધાર સ્તંભ-૧ નકરો : ૫૪,૦૦૦/- (લાભાર્થી પરિવારના બે ફોટા સાથેનું બેનર)

૪) આધાર સ્તંભ-૨ નકરો : ૫૪,૦૦૦/- (લાભાર્થી પરિવારના બે ફોટા સાથેનું બેનર)

૫) નવકારશી નો નકરો : ૪૫,૦૦૦/- (લાભાર્થી પરિવારના બે ફોટા સાથેનું બેનર)

૬) બપોરના ભોજન નો નકરો : ૫૪,૦૦૦/- (લાભાર્થી પરિવારના બે ફોટા સાથેનું બેનર)

૭) ચૌવિહાર નો નકરો : ૪૫૦૦૦/- (લાભાર્થી પરિવારના બે ફોટા સાથેનું બેનર)

૮) ૨ x ૨ એ.સી. બસ : એક બસનો નકરો : રૂા.૧૮૦૦૦/- લગભગ ૮-૧૦ બસ થશે. દરેક બસના લાભાર્થી સભ્યોના નામનું એક સિંગલ બેનર બનાવવામાં આવશે અને તે દરેક બસ ઉપર લગાડવામાં આવશે.

૯) સહાયક દાતા બનીને પણ આપ લાભ લઇ શકો છો. નકરો : ૯,૦૦૦/-
(લાભ લેનાર લાભાર્થીઓનું એક કોમન બૅનર બનાવવામાં આવશે.)

૧૦) સંઘ પૂજન : એક આની લેખે ૧,૦૦૦/- રૂપિયા.

**પુણ્યશાળી ઉપર જણાવેલ જુદી જુદી યોજનામાં જે પણ પરિવારને લાભ લેવાની ભાવના હોય તો આપ સમાજના પ્રમુખ સેવક શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા મોઃ ૯૮૨૦૨૨૯૦૩૬ તેમજ ધાર્મિક સમિતિના કન્વીનર શ્રી શૈલેષભાઈ વૃજલાલ વોરા મોઃ ૯૮૨૧૦૪૫૪૨૨ સંપર્ક કરી શકો છો.**

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ-મુંબઈ**
**પ્રમુખ સેવક શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા**
**શ્રી શૈલેષભાઈ વૃજલાલ વોરા - કન્વીનર**
**શ્રી કિર્તિભાઈ આર. વસા. શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા**

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : JAYESH S. VASA



Scanned with OKEN Scanner